GJMR010011172024

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૧-૦૫-૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૨૧-૦૫-૨૦૨૪ |
| નિકાલ તારીખ | : | ૧૩-૦૮-૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| આંક | : | |

## ફોર્મ – '' એ ''

IN THE COURT OF
**The Hon'ble Sp. Judge (POCSO) & Addl. District & Session Judge, Morbi.**

**સ્પે. પોકસો કેસ નં. ૨૬/૨૦૨૪**
**(મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૬૩૭/૨૦૨૪)**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| ફરીયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટર | શ્રી એસ.સી.દવે તથા શ્રી એન.ડી.કારીયા |
| **આરોપીઓ** | **(૧) વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા**<br>ઉ.વ. :- ૨૩, ધંધો :- રીક્ષા ડ્રાઈવીંગ,<br>હાલ રહે. રમેશભાઈ ગોરધનભાઈ પટેલની વાડી, ધુમાસણ ગામની સીમ તા.કડી જી. મહેસાણા<br>મુળ ગામ રોજવા તા. પાટડી જી. સુરેન્દ્રનગર<br><br>**(૨) વિજુભા ઉર્ફે વિજયભાઈ ચેહુભા ઝાલા**<br>ઉ.વ. :- ૨૮, ધંધો :- નોકરી,<br>હાલ રહે. મહાલક્ષ્મી એસ્ટેટ સાણંદ ચોકડી પાસે એલ.જી.કોલેજ સામે અમદાવાદ<br>મુળ ગામ રોજવા ગામે ઉગમણી પાટી તા. પાટડી જી. સુરેન્દ્રનગર<br><br>**(૩) મંગુભા વા/ઓ બચુભા અભેસિંહ ઝાલા** |

| | |
|---|---|
| | ઉ.વ. :– ૫૭, ધંધો :– ઘરકામ,<br>હાલ રહે. રમેશભાઇ ગોરધનભાઇ પટેલની વાડી, ધુમાસણ ગામની સીમ તા.કડી જી. મહેસાણા<br>મુળ ગામ રોજવા તા. પાટડી જી. સુરેન્દ્રનગર<br><br>**(૪) દોલુભા ઉર્ફે દોલુ બચુભા ઝાલા**<br>ઉ.વ. :– ૨૭, ધંધો :– રીક્ષા ડ્રાઇવીંગ,<br>હાલ રહે. ડાંગરવા ગામે કાનજીભાઇ બળદેવભાઇ દેસાઇની વાડીએ તા.કડી જી. મહેસાણા<br>મુળ ગામ રોજવા (ઉગમણી પાટી) તા. પાટડી જી. સુરેન્દ્રનગર<br><br>**(૫) શકિતસિંહ ઉર્ફે ટીનુભા બાબુભા વાઘેલા**<br>ઉ.વ. :– ૪૦, ધંધો :– ડ્રાઇવીંગ,<br>હાલ રહે. ધુમાણસ ગામે પ્રવિણભાઇ પટેલની વાડી, તા.કડી જી. મહેસાણા<br>મુળ ગામ વડા (વાઘેલા વાસ) તા. કાંકરેજ જી. બનાસકાંઠા |
| આરોપીઓ તરફે વિધ્વાન વકીલ | શ્રી એસ.બી.મારૂ |

## ફોર્મ – '' બી ''

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :– | ૧૩–૦૨–૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | :– | ૨૯–૦૩–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | :– | ૧૮–૦૫–૨૦૨૪ |
| તહોમતનામું ઘડયાની તારીખ | :– | ૨૦–૧૨–૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | :– | ૧૨–૦૬–૨૦૨૫ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે તે તારીખ | :– | ૧૩–૦૮–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | :– | ૧૩–૦૮–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :– | ૧૩–૦૮–૨૦૨૬ |

અધિક સેશન્સ જજ, મોરબી

## આરોપીઓની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | ગુનાનો આરોપ મુકયો છે. | નિર્દોષ છે કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ નો હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વનરાજ સિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા | ૦૯–૦૪–૨૦૨૪ | – | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટ કલમ–૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫), ૩(૧)(W)(i) | દોષિત | હા | – |
| ૨. | વિજુભા ઉર્ફે વિજય ભાઇ ચેહુભા ઝાલા | ૧૪–૦૫–૨૦૨૪ | ૦૪–૧૦–૨૦૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટ કલમ–૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ–૩(૧)(આર)(એસ), | નિર્દોષ | ના | ૦૪ માસ અને ૨૦ દિવસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩(૨)(૫-એ), ૩(૨)(૫), ૩(૧)(W)(i) | | | |
| ૩. | મંગુભા વા/ઓ બચુભા અભેસિંહ ઝાલા | ૧૪-૦૫-૨૦૨૪ | ૨૬-૦૭-૨૦૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટ કલમ-૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ), ૩(૨)(૫), ૩(૧)(W)(i) | નિર્દોષ | ના | ૦૨ માસ અને ૧૨ દિવસ |
| ૪. | દોલુભા ઉર્ફે દોલુ બચુભા ઝાલા | ૧૪-૦૫-૨૦૨૪ | ૨૬-૦૭-૨૦૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટ કલમ-૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-એ), ૩(૨)(૫), ૩(૧)(W)(i) | નિર્દોષ | ના | ૦૨ માસ અને ૧૨ દિવસ |
| ૫. | શકિતસિંહ | ૧૪- | ૨૬- | ભારતીય દંડ | નિર્દોષ | ના | ૦૨ માસ અને |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઉર્ફે ટીનુભા બાબુભા વાઘેલા | ૦૫–૨૦૨૪ | ૦૭–૨૦૨૪ | સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટ કલમ– ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ– ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫), ૩(૧)(W)(i) | | | ૧૨ દિવસ |

**ગુનો:–** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩) ૧૧૪ તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ ની કલમ– ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ– ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫), ૩(૧)(w)(i) મુજબના ગુના સબબ</u>**

## <u>–:: ચુકાદો ::–</u>

**૧.** ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ (ટૂંકમાં "આઈ.પી.સી.") કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩) ૧૧૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો કાયદો, ૨૦૧૨ (ટૂંકમાં "પોકસો એકટ") કલમ– ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ– ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫), ૩(૧)(w)(i) મુજબ ના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત મુકયુ છે. જેથી આ કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે **નિપુન સકસેના વિ. યુનિયન ઓફ ઈન્ડીયા, ૨૦૧૯(૧) એ.સી.આર. પેજ–૬૬૩** નાં ચુકાદામાં આપેલ ડાયરેકશન મુજબ તથા ધી પોકસો એકટ,

૨૦૧૨ ની કલમ–૩૩(૭) મુજબ આ કેસના ભોગબનનારની કોઈપણ રીતે ઓળખ જાહેર ન થાય તેની તાકેદારીના ભાગરૂપે કેસની સમગ્ર કાર્યવાહી દરમ્યાન તેમજ આ ચુકાદામાં તેનું નામ અને તેને સંલગ્ન વિગતો દર્શાવવાના બદલે માત્ર "**ભોગબનનાર**" તરીકે જ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**૧.૧** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૩–૦૨–૨૦૨૪ ના રોજ ક. ૧૨.૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદીની સગીરવયની દીકરી ભોગબનનાર ઉ.વ. ૧૫ વર્ષ, ૧૧ માસ, ૦૭ દિવસ (જન્મ તારીખ ૧૯–૪–૨૦૦૮) વાળી અનુ.જાતીની અને સગીરવયની હોવાનું જાણવા છતા આરોપી નં. ૧ નાએ લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી આરોપી નં. ૨ સાથે મળી મોટરસાઇકલ પર ભોગબનનારનું અપહરણ કરી આરોપી નં. ૧ પોતાના હાલના સરનામે લઈ જઈ ભોગબનનાર સાથે વારંવાર શરીરસંબંધ બાંધેલ તેમજ આરોપી નં. ૩ થી ૫ નાઓએ મદદગારી કરી આરોપીઓએ ભોગબનનારને જાતીપ્રત્યે અપમાનજનક શબ્દો બોલી હડધુત કરી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. સદર કામે ફરીયાદીએ ફરીયાદ આપતા આરોપીઓ વિરૂધ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૬૩૭/૨૦૨૪ થી ગુનો નોંધવામાં આવેલ છે.

**૧.૨** આરોપીઓ વિરૂધ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૬૩૭/૨૦૨૪ થી ઉપરોકત મુજબનો ગુનો દાખલ થયેલ. જે અન્વયે તપાસ એજન્સીએ જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩) ૧૧૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો કાયદો, ૨૦૧૨ ની કલમ– ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ– ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫), ૩(૧)(w)(i) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપીઓ વિરૂધ્ધ સદર ગુના અંગે ફોજદારી

કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ અન્વયે ચાર્જશીટ રજુ કરેલ જેને સ્પેશીયલ કેસ (પોકસો) નં. ૨૬/૨૦૨૪ થી નોંધવામાં આવેલ. આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીને વિનામુલ્યે પૂરી પાડેલ.

**૨.** આ કામના આરોપી નં. ૧ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય અને આરોપી નં. ૨ થી ૫ નાઓ જામીન મુકત હોય નિયત ઠરાવ તારીખે અદાલત સમક્ષ રજુ થતાં આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩) ૧૧૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો કાયદો, ૨૦૧૨ ની કલમ– ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટ કલમ– ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫), ૩(૧)(w)(i) મુજબના આક્ષેપિત ગુનાઓ અંગે આંક–૦૮ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપી નં. ૧ નું નિવેદન આંક–૦૯ થી, આરોપી નં. ૨ નું નિવેદન આંક–૧૦ થી, આરોપી નં. ૩ નું નિવેદન આંક–૧૧ થી, આરોપી નં. ૪ નું નિવેદન આંક–૧૨ થી તથા આરોપી નં. ૫ નું નિવેદન આંક–૧૩ થી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેમના વિરુધ્ધના ગુનાઓનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

## ફોર્મ – '' સી ''

**૩.** આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૮ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાં ની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે:–

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવાઓ :–**

| <u>અનુક્રમ નંબર</u> | <u>સાહેદ નંબર</u> | <u>આંક</u> | <u>સાહેદનું નામ</u> | <u>વિગત</u> |
|---|---|---|---|---|
| | | | **<u>મુખ્ય સાહેદો</u>** | |
| ૦૧ | ૦૧ | ૨૦ | ભોગબનનારના માતા | ફરીયાદી |
| ૦૨ | ૦૨ | ૨૪ | ભોગબનનાર | ભોગબનનાર |
| | | | **<u>તબીબી સાહેદ</u>** | |
| ૦૩ | ૦૩ | ૨૭ | ડો.ધ્રુવી જીતેન્દ્રભાઇ પુજારા | ભોગબનનારની શારીરીક તપાસણી કરનાર તબીબ |
| ૦૪ | ૦૪ | ૩૨ | ડો.યશ્વી નિલેશભાઇ કુલતરીયા | આરોપીની શારીરીક તપાસણી કરનાર તબીબ |
| | | | **<u>પંચસાહેદો તથા અન્ય સાહેદો</u>** | |
| ૦૫ | ૦૫ | ૩૯ | વિજયસિંહ પ્રવિણસિંહ પરમાર | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેના પંચનામાના પંચસાહેદ |
| ૦૬ | ૦૬ | ૪૪ | ભરતભાઇ ભાણાભાઇ ગોલતર | સ્થાનીક જગ્યાના પંચનામાના પંચસાહેદ –**વિમુખ** |
| ૦૭ | ૦૭ | ૪૭ | રસીકભાઇ ગોરધનભાઇ પટેલ | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ –**વિમુખ** |
| ૦૮ | ૦૮ | ૪૯ | જીલુજી સોમાજી ઠાકોર | બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ –**વિમુખ** |
| ૦૯ | ૦૯ | ૫૦ | મહેશભાઇ પોપટભાઇ ભોજવીયા | આરોપી અટક પંચનામાના પંચસાહેદ –**વિમુખ** |
| ૧૦ | ૧૦ | ૫૪ | ઇરફાન રફીકભાઇ સમા | આરોપી અટક પંચનામાના પંચસાહેદ –**વિમુખ** |
| ૧૧ | ૧૧ | ૫૫ | હસમુખભાઇ ખોડાભાઇ પાંચીયા | સ્થાનીક જગ્યાના પંચનામાના પંચસાહેદ –**વિમુખ** |
| ૧૨ | ૧૨ | ૫૯ | અજીતભાઇ નાગજીભાઇ માલકીયા | અટક તથા વાહન કબજે કર્યાના પંચનામાના |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | પંચસાહેદ<br>–**વિમુખ** |
| ૧૩ | ૧૩ | ૬૨ | મનોજકુમાર ખેંગારભાઈ મકવાણા | ભોગબનનારનું સ્કુલ લીવીંગ પ્રમાણપત્ર કાઢી આપનાર |
| ૧૪ | ૧૪ | ૭૦ | વિવેક કિશોરભાઈ ધોળકીયા | અટક તથા વાહન કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ<br>–**વિમુખ** |
| **પોલીસ સાહેદો** | | | | |
| ૧૫ | ૧૫ | ૭૧ | ઈન્દ્રવદન મોતીલાલ અજમેરી | ફરીયાદ દાખલ કરનાર અમલદાર |
| ૧૬ | ૧૬ | ૭૫ | નરેન્દ્રકુમાર રણજીતસિંહ મકવાણા | ફરીયાદ લેનાર અમલદાર |
| ૧૭ | ૧૭ | ૭૭ | પ્રતિપાલસિંહ અજીતસિંહ ઝાલા | તપાસ કરનાર અમલદાર |

## (બી) ફરીયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવાઓ :–

| ક્રમ નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૦૧ | ૨૧ | જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યા અંગે બોલેલ શબ્દોનો કાગળ |
| ૦૨ | ૨૨ | અસલ ફરીયાદ |
| ૦૩ | ૨૫ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ ૧૬૪ મુજબનું નીવેદન |
| ૦૪ | ૨૬ | ભોગબનનારની જાતિનો દાખલો |
| ૦૫ | ૨૮ | ભોગબનનારની મેડીકલ તપાસણી કરવા બાબતનો સ.હો.મોરબીને કરેલ રીપોર્ટ |
| ૦૬ | ૨૯ | અસલ કેસ પેપર્સ |
| ૦૭ | ૩૦ | ભોગબનનારનું સ.હો.મોરબીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૮ | ૩૧ | ભોગબનનારના રસાયણી પૃથ્થકારને અંદરના અવયવો સિવાયના બીજા પદાર્થો મોકલવામાં આવે ત્યારે અહેવાલ માટે વાપરવાનું પત્રક (નં.–૨બી) |
| ૦૯ | ૩૩ | આરોપીની બળાત્કાર સંબંધી જરૂરી મેડીકલ તપાસણી કરવા બાબતનો સ.હો.મોરબીને કરેલ રીપોર્ટ |
| ૧૦ | ૩૪ | આરોપી વનરાજસિંહ (નાનુભા) બચુભા ઝાલાનું |

| | | |
|---|---|---|
| | | સ.હો.મોરબીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧ | ૩૫ | આરોપી વનરાજસિંહ (નાનુભા) બચુભા ઝાલાનું રસાયણી પૃથ્થકારને અંદરના અવયવો સિવાયના બીજા પદાર્થો મોકલવામાં આવે ત્યારે અહેવાલ માટે વાપરવાનું પત્રક (નં.-૨બી) |
| ૧૨ | ૪૦ | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૧૩ | ૪૧ થી ૪૩ | પંચસ્લીપો |
| ૧૪ | ૪૫ | સ્થાનીક જગ્યાનું પંચનામું |
| ૧૫ | ૪૮ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૧૬ | ૫૧ | આરોપી અટક પંચનામું |
| ૧૭ | ૫૨ અને ૫૩ | પંચસ્લીપો |
| ૧૮ | ૬૦ | અટક પંચનામું તથા વાહન કબજે કર્યાનું પંચનામું |
| ૧૯ | ૬૩ | ભોગબનનારનું સ્કુલ લીવીંગ સર્ટીની ખરી નકલ આપવા બાબતનો આચાર્યશ્રી, શ્રી આર.એમ.દેસાઇ વિધાલય દશાવાડાને કરેલ રીપોર્ટ |
| ૨૦ | ૬૪ | ભોગબનનારનું સ્કુલ લીવીંગ સર્ટીની ખરી નકલ આપવા બાબતનો આચાર્યશ્રી, શ્રી આર.એમ.દેસાઇ વિધાલય દશાવાડાએ કરેલ રીપોર્ટ |
| ૨૧ | ૬૫ | ભોગબનનારનું શ્રી આર.એમ. દેસાઇ વિધાલય દશાવાડાનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ |
| ૨૨ | ૬૬ | જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ |
| ૨૩ | ૭૨ | તપાસ ડેપ્યુટ હુકમ |
| ૨૪ | ૭૬ | ગુન્હો રજીસ્ટર કરવાની યાદી |
| ૨૫ | ૭૮ | અનુસુચિત જાતિ/જન જાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ ના નિયમો ૧૯૯૫ ના નિયમ ૭(૧) માં નિદષ્ટ કર્યા અનુસાર કરવા માટેનો નિમણુક હુકમ |
| ૨૬ | ૭૯ | ફરીયાદીનું જાતિનું પ્રમાણપત્ર ખરાઇ કરી આપવા બાબતનો તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, સિધ્ધપુરને કરેલ રીપોર્ટ |
| ૨૭ | ૮૦ | ફરીયાદીનું જાતિનું પ્રમાણપત્રની ખરાઇ કરી મોકલ્યા બાબતનો તાલુકા વિકાસ અધિકારીશ્રી, સિધ્ધપુરે કરેલ રીપોર્ટ |
| ૨૮ | ૮૧ | મુદામાલ તપાસણી અર્થે એફ.એસ. એલ. ના અભિપ્રાય અંગેની રવાનગી નોંધ અને સતા અંગેનું પ્રમાણપત્ર |

| | | |
|---|---|---|
| ૨૯ | ૮૨ | એફ.એસ.એલ.ની મુદામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૩૦ | ૮૩ | એફ.એસ.એલ.નો મુદામાલ પરીક્ષણ અહેવાલ મોકલ્યાનો ફોરવડીંગ લેટર |
| ૩૧ | ૮૪ | બાયોલોજી વિભાગ તથા સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ |
| ૩૨ | ૮૫ | મુદામાલ તપાસણી અર્થે એફ.એસ. એલ. ના અભિપ્રાય અંગેની રવાનગી નોંધ અને સતા અંગેનું પ્રમાણપત્ર |
| ૩૩ | ૮૬ | એફ.એસ.એલ.ની મુદામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૩૪ | ૮૭ | એફ.એસ.એલ.નો મુદામાલ પરીક્ષણ અહેવાલ મોકલ્યાનો ફોરવડીંગ લેટર |
| ૩૫ | ૮૮ | બાયોલોજી વિભાગ તથા સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ |

**૪.** ફરીયાદપક્ષ તરફે આંક-૯૧ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરતા, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેમના વિશેષ નિવેદનમાં ફરીયાદપક્ષના કેસનો સંદતર ઈન્કાર કરેલ છે, તેઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે, તથા આરોપીઓ વિશેષમાં જણાવેલ છે કે, " અમોએ કોઇ ગુનો કરેલ નથી. ખોટી ફરીયાદના આધારે ખોટું ચાર્જશીટ કરેલ છે. અમો તદન નિર્દોષ છીએ. અમોએ કોઇ ગુનો કરેલ નથી. અમોને છોડી મુકવા અરજ છે. "

**<u>ફરીયાદપક્ષ તથા બચાવપક્ષ તરફેની દલીલો :-</u>**

**૫.** ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી એન.ડી.કારીયા નાઓએ મૌખીક દલીલ કરતા જણાવેલ છે કે, હાલના કામે આંક-૨૦ થી ફરીયાદી એટલેકે ભોગબનનારના માતા નાઓને તપાસેલ છે તેઓએ પોતાના પુરાવામાં આંક-૨૧ થી રજુ ફરીયાદની હકીકતને સંપુર્ણપણે સમર્થન આપેલ છે. તે જ રીતે ફરીયાદપક્ષના અતિ મહત્વના સાહેદ એવા ભોગબનનાર નાઓને આંક-૨૪

થી તપાસેલ છે જેઓએ પોતાના પુરાવામાં તેમની સાથે જે બનાવ બનવા પામેલ છે તેની વિગતવારની ચર્ચા કરવામાં આવેલ છે જે ધ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં સફળ ગયેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે આ કામે આંક–૨૭ થી ભોગબનનારની શારીરીક તપાસણી કરનાર તબીબી સાહેદ અને આંક–૩૨ થી આરોપીની શારીરીક તપાસણી કરનાર તબીબી સાહેદને તપાસવામાં આવેલ છે જેઓ બંનેએ પોતાના પુરાવામાં ભોગબનનાર અને આરોપી નાઓએ જણાવેલ હિસ્ટ્રી અંગેનો પુરાવો આપી આરોપી શારીરીક સંબંધ બાંધવા અસક્ષમ ન હોવાનો તથા ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ હોવાનો વિગતવારનો પુરાવો આપેલ છે. જેથી બંને તબીબી સાહેદના પુરાવા પરથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં આ કામે પંચસાહેદો ફરી ગયેલા જાહેર થવા માત્રથી ફરીયાદપક્ષનો કેસ નબળો પડતો નથી. વધુમાં આ કામે તમામ પોલીસ સાહેદોએ પોતાના ફરજના ભાગરૂપે કરેલ કામગીરી અંગેની જુબાની પુરી પાડેલ છે. આમ સદરહુ તમામ હકીકતોને ધ્યાને લઇ ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબીત કરતા હોય આરોપીઓને વધુમાં વધુ સજા કરવા અરજ કરેલ છે.

**૫.૧** બચાવપક્ષે આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી એસ.બી.મારૂ નાઓએ આંક–૧૦૧ થી લેખીત દલીલ રજુ રાખેલ છે. જે વંચાણે લીધેલ. ત્યારબાદ મૌખીક દલીલ કરેલ છે કે, હાલના કામે બનાવ સમયે ભોગબનનારની ઉમર ૧૬ વર્ષથી ઉપરની હતી અને ભોગબનનાર પોતાની સ્વેચ્છાએ આરોપી સાથે ગયેલ હતી. વધુમાં ડોકટર સમક્ષ ભોગબનનારે લખાવેલ હીસ્ટ્રી જોતા તેણી સંમતિથી સંબંધ બાંધેલ હોય તેવુ જણાવેલ છે. વધુમાં ટંકારા પો.સ્ટે. ભોગબનનારને લાવવામાં આવેલ ત્યારે તેણી સ્વેચ્છાએ વિકાસ વિધાલય જવા માંગતી હતી તેવુ પણ તપાસ કરનાર અધિકારીએ કબુલ કરેલ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ પંચસાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે જેથી તેઓનો પુરાવો ફરીયાદપક્ષને મદદકર્તા સાબીત થતો

નથી. વધુમાં દલીલ કરેલ છે કે આરોપીઓ વિરુધ્ધ ભોગબનનાર અને તેની માતાને જાતિ પ્રત્યે હડધુત કરેલ હોવાનો આક્ષેપ રહેલ છે પરંતુ જાહેરમાં કોઇ અપમાનજનક જાતિ વિષયક શબ્દો ઉચ્ચરવામાં આવેલ હતા કે કેમ તે અંગેનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર સાબીત કરી શકેલ નથી. વધુમાં આરોપીપક્ષે નામદાર ગુજરાત હાઇકોર્ટ અને નામદાર સુપ્રિમ કોર્ટના વિવિધ ચૂકાદાઓ રજુ રાખી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**૬.** આ પ્રકરણમાં ફરીયાદપક્ષે રજુ કરેલા મૌખીક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ. વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાનમાં લેતા, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે:-

## **-:: મુદાઓ ::-**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે ફરીયાદવાળા આક્ષેપિત બનાવ સમયે ભોગબનનાર સગીરવયની એટલેકે અઢાર વર્ષથી ઓછી વયની હતા?

**૨.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા. ૧૩-૦૨-૨૦૨૪ ના રોજ ક. ૧૨.૦૦ વાગ્યાના અરસામાં ફરીયાદીની સગીરવયની દીકરી ભોગબનનાર ઉ.વ. ૧૫ વર્ષ, ૧૧ માસ, ૦૭ દિવસ (જન્મ તારીખ ૧૯-૪-૨૦૦૮) વાળી અનુ.જાતીની અને સગીરવયની હોવાનું જાણવા છતા આરોપી નં. ૧ નાએ લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી આરોપી નં. ૨ સાથે મળી મોટરસાઇકલ પર ભોગબનનારનું અપહરણ કરી આરોપી નં. ૧ પોતાના હાલના સરનામે લઇ જઇ ભોગબનનાર સાથે વારંવાર શરીરસંબંધ બાંધી ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન),

૩૭૬(૩) ૧૧૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો કાયદો, ૨૦૧૨ ની કલમ– ૫(એલ), ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૩.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, ઉપરોકત સમય અને તારીખે તમામ આરોપીઓએ ભોગબનનારને જાતીપ્રત્યે અપમાનજનક શબ્દો બોલી હડધુત કરી એકબીજાને મદદગારી કરી એટ્રોસીટી એકટ કલમ– ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ), ૩(૨)(૫), ૩(૧)(w)(i) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**૪.** શું હુકમ?

**૭.** ઉપરોકત મુદાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧. હકારાત્મક**
**૨. અંશત: હકારાત્મક (આરોપી નં. ૧ પૂરતુ)**
**૩. અંશત: હકારાત્મક (આરોપી નં. ૧ પૂરતુ)**
**૪. આખરી હુકમ મુજબ**

**–// <u>કારણો</u> //–**

૮. ફોજદારી કાર્યવાહી દરમ્યાન સાહેદોના ત્રણ પ્રકાર નકકી કરી શકાય. (૧) પ્રથમ એવા સાહેદ કે જેમનો પુરાવો સાહજિક અને સત્યથી નજીક હોય તે પુરાવો અદાલત સ્વીકારી શકે અને તે પુરાવો માનવાલાયક અને ભરોસાપાત્ર છે. (૨) બીજા સાહેદો કે જેનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રિત કથન આપતા હોય તો તેવા સમયે અદાલતે જો સત્ય અને અસત્ય દુર કરી શકાય તેમ હોય તો જે પુરાવો ભરોસાપાત્ર, માનવાલાયક અને સ્વીકારવાલાયક હોય તેટલો પુરાવો સ્વીકારવો જોઈએ અને અન્ય પુરાવો અસ્વીકૃત કરવો જોઈએ. (૩) સાહેદોનો ત્રીજો પ્રકાર એવો છે કે, જે સાહેદોનો

પુરાવો સાહજીક અને સત્યની નજીક ન હોય, દુર હોય માનવાલાયક ન હોય તો, પૂર્ણપણે અદાલતે અવગણવો જોઈએ.

૯. ફરિયાદ પક્ષના રજૂ પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતા અગર અસંગતતા સામાન્ય રીતે જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા વિરોધાભાસ, અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરિયાદપક્ષના પુરાવાને કલુષિત, દુષિત અસર કરતી ન હોય તેવા સમયે વિસંગતા અતિરેક અવગણવી જોઈએ નહી. સાહેદ અદાલત સમક્ષ જયારે જુબાની આપવા આવે છે તે સમયે પોતાની વિશ્વસનિયતા પ્રસ્થાપિત કરવા અગર તો, અદાલત તેને ખોટો ન માને, તેવા ભયના કારણસર, લાગણીના કારણે કે અન્ય કારણોસર કેટલીક હકીકતો, કથનો ઉમેરે અગર તો રજૂ ન કરે તે અસંભવિત છે. તે હકીકત અદાલતે પુરાવાનાં મુલ્યાંકન સમયે લક્ષમાં લેવી જોઈએ. વધુમાં જયારે સાહેદ અદાલત સમક્ષ આવે છે ત્યારે અદાલતની કાર્યવાહી અને અદાલતના વાતાવરણથી સંપુર્ણપણે અજાણ હોય છે અને બનાવ જયારે બનેલ હોય છે તે બાબતે સાહેદ ઝેરોક્ષકોપી કે ફોટોકોપીની જેમ બનાવનું વર્ણન કરે તેવી પણ અપેક્ષા કરી શકાય નહી કારણકે સાહેદની જુબાની, સાહેદ કઈ જગ્યાએથી આવે છે, સાહેદ કેટલુ ભણેલ છે તેમજ જો સાહેદ ભોગબનનાર સાહેદ હોય તો સાહેદની માનસીક પરીસ્થીતી અને બનાવની ઉગ્રતા કે તીવ્રતા અને આરોપીઓની હાજરી કે ગેરહાજરી પણ સાહેદની જુબાનીમાં થોડા વધારે ઓછા વિરોધાભાષ આવી શકે તેવુ નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટે પણ ઘણા જ પ્રસ્થાપિત સિધ્ધાંતોમાં જણાવેલ છે.

**૧૦.** જયારે પુરાવો પૂર્ણપણે રજૂ ન થાય તેવા સમયે સ્વાભાવિક દલીલ થઈ શકે કે પુરાવો કૃત્રિમ છે, તે જ રીતે જયારે પુરાવો પુર્ણપણે ન હોય ત્યારે તેથી વિપરીત દલીલ થઈ શકે કે પુરાવો સંપુર્ણ નથી. પુર્ણતા અદાલત સમક્ષના પુરાવામાં સંભવી ન શકે વિજ્ઞાનના સુત્ર મુજબ "2H2 + 02 = 2H20"

અદાલત સમક્ષના પુરાવામાં શકય નથી. પુરાવાના મુલ્યાંકન માટે કોઈ સ્પષ્ટ વૈધાનિક કાનૂની નિયમ નથી, પરંતુ અદાલતે જે તે કેસની હકીકત, સંજોગો, પુરાવો અનુલક્ષીને પુરાવાનું મૂલ્યાંકન કરવાનું છે.

**૧૧.** નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટના નીચે જણાવેલ અલગ અલગ ચુકાદાઓમાં આ બાબત ખુબ જ સ્પષ્ટપણે જણાવેલ છે.

જી.એલ.આર. પાના નં. ૯૯, જયંતિભાઈ કુબેરદાસ સવા વિ. સરકાર નાં ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું નોંધેલ છે કે, પુરાવાના મૂલ્યાંકન અંગેના સિધ્ધાંત જોતા, બધી બાબતમાં પોલાદી સત્ય હકીકત તારવતો, ફરીયાદપક્ષનો કેસ હોઇ શકે નહિ. અદાલતે સાહેદને સમજશકિત અને તે સમજી શકે છે તેવા મગજનાં સ્તરને ધ્યાનમાં રાખી, પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિતી, એ માત્ર માર્ગદર્શન છે તે કોઇ સિધ્ધાંત પ્રત્યેની અંધશ્રધ્ધા નથી.

**<u>મુખ્ય સાહેદોનો પુરાવો :-</u>**

**૧૨.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧ થી આ કામના ભોગબનનારના માતા એટલેકે ફરીયાદી નાઓને આંક-૨૦ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, ભોગ બનનાર દિકરીની તારીખ ૧૯/૦૪/૨૦૦૮ છે. તેણીએ ધોરણ-૮ સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓએ પણ ધોરણ-૮ સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ તેઓના મીત્રના જગદીશભાઈ સાથે તેણીની દિકરી સાથે પેકેઝીગના કારખાનામાં ઓરડીમાં રહે છે. તા. ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ તેઓના મીત્ર જગદીશભાઈને સરકારી દવાખાને લઈને ગયેલ હતી. તે વખતે ભોગ બનનાર દિકરી પેકેજીગ કારખાનાની તેઓની ઓરડીએ હતી. તે વખતે તેઓ દવાખાને હતા ત્યારે તેઓના સંબંધી ધમાભાઈ કે જેઓ શીવશકિત કારખાનામાં કામ

કરે છે. તેઓનો તેણીને બપોરના બે પોણા બે વાગ્યે ફોન આવેલો અને એવુ જણાવેલ કે તમારી દિકરી અજાણ્યા ટ્રકમાં બેસીને ગયેલી છે. ત્યારપછી આશરે પોણા ત્રણ વાગ્યે દોલુભાનો ફોન આવેલો કે તમે ચિંતા ન કરો તમારી દિકરી અમારી સાથે છે મારા ભાઈની સાથે છે. આ દોલુભા રોઝવા ગામના છે. તેમના ભાઈનું નામ વનરાજ ઉર્ફે નાનુભા છે. ત્યારબાદ તેઓ તેઓની દિકરીને શોધવા મહેસાણા, પાલનપુર વિગેરે જગ્યાએ ગયેલા ત્યારે શરૂઆતમાં મળેલ ન હતી પરંતુ ત્યારબાદ એક મહિનો અને સાત દિવસ પછી મહેસાણા બાજુમાં કુંભાસણ ગામેથી મળી આવેલ. આ દિકરીને લઈ ગયા પછી દોલુભા અને વનરાજ ઉર્ફે નાનુભા વારંવાર તેઓની દિકરી સાથે શરીરસંબંધ બાંધતા હતા. તે તેઓની દિકરીની મરજીથી શરીર સંબંધ બાંધતા ન હતા પરાણે શરીર સંબંધ બાંધતા હતા. ત્યારબાદ તેઓની દિકરીને ફોસલાવીને ફુલહાર કર્યા અને લગ્ન કરેલા. તેઓની દિકરીને તા. ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ લઈ ગયા તે વખતે તેણીની ઉમર ૧૫ વર્ષ અને ૧૧ માસની હતી. તેઓ તેઓની દિકરીને રોઝવા લેવા ગયા તે વખતે તેઓને મંગુબા, દોલુભા, ટીનુભા અને વનરાજ ઉર્ફે નાનુભા તેઓને મારવા દોડેલા અને તેઓને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત થાય તેવા શબ્દો બોલી જ્ઞાતિથી અપમાનીત કરેલા. સાહેદે તેઓને જ્ઞાતિથી અપમાનીત કર્યા અંગેનો તેઓએ બોલેલ શબ્દો લખી આપવા જણાવવામાં આવે છે. જે આંક-૨૧ થી રજુ રાખેલ છે. ભોગ બનનાર દિકરીને એક મહિનો અને સાતદિવસ પછી વિકાસ વિદ્યાલયમાં તા. ૨૧/૦૩/૨૦૨૪ ના રોજ લાવેલા અને તેઓ વિકાસ વિદ્યાલયે ગયેલી અને તેઓએ વિકાસ વિદ્યાલયમાં તેઓની દિકરીની પુછપરછ કરેલી અને તેણીએ એવુ કહેલ કે તેઓને પોલીસવાળા અહી લાવેલ છે. તેઓએ તેઓની દિકરીને બનાવ બાબતે પણ પુછપરછ કરેલી અને તે વખતે તેણીએ એવુ જણાવેલ કે તેણીની સાથે વનરાજે જબરદસ્તીથી શરીર સંબંધ બાંધેલ છે. એવુ પણ જણાવેલ કે રાત દિવસ હેરાન કરતા હતા. તેઓને રોઝવા ગામે શકિત માતાજીના મંદીરે જબરદસ્તીથી લગ્ન કરાવેલા અને તેમાં પણ આ બધા સાથે

હતા. વિકાસ વિદ્યાલયથી તેઓની દિકરીને લઈને તેઓના ગામ થાન તેઓના સગા વહાલાના ઘરે ગયેલા. ત્યારબાદ અઠવાડીયા દસ દિવસ પછી ભોગ દિકરીને લઈને પોલીસ સ્ટેશને ગયેલા. પોલીસ સ્ટેશને દિકરી સાથે જે બનાવ બનેલો તે તેઓએ અને તેઓની દિકરી બન્નેએ પોલીસને લખાવેલ. તેઓએ જે લખાણ લખાવેલ તેમાં તેઓએ સહી કરેલી. જે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૨ થી રજુ રાખેલ છે. તેઓએ ફરીયાદ આપ્યા બાદ પોલીસે ભોગ બનનાર દિકરીને સરકારી હોસ્પીટલ મોરબીમાં મેડીકલ તપાસ માટે લઈ ગયેલા. આ કામના આરોપીઓને તેઓ ઓળખે છે તથા કોર્ટ રૂબરૂ પણ બધાને સાહેદ નામથી ઓળખી બતાવે છે.

**૧૨.૧** સદરહુ સાહેદ ઉલટતપાસમાં જણાવે છે કે તેઓની દીકરીને દોલુભા અને નાનુભા વારંવાર શરીરસંબંધ બાંધતા હતા અને રાત દીવસ હેરાન કરતા હતા તેવુ ફરીયાદમાં લખાવેલ નથી. વધુમાં જણાવે છે કે તેઓ ટંકારા પો.સ્ટે. માં તા. ૦૨–૦૩–૨૦૨૪ ના રોજ અરજી આપેલ હતી. આ અરજી છોકરી જતી રહી તે બાબતેની આપેલી. પોલીસ અરજી લેતા ન હોય બાદમાં આઇ.જી. સાહેબ પાસે ગયેલા. એ વાત નકારેલ છે કે તા. ૧૮–૦૩–૨૦૨૪ ના રોજ તેઓ ટંકારા પો.સ્ટે. માં ભોગબનનાર દીકરીને લેવા ગયેલ તે વખતે તેણીએ આવવાની ના પાડેલ છે. બાદમાં એ વાત જણાવે છે કે તા. ૨૧–૦૩–૨૦૨૪ ના રોજ ભોગબનનાર દીકરીને મોરબી વિકાસ વિધાલયમાં મોકલી આપવામાં આવેલી. વધુમાં સ્વીકારેલ છે કે જ્ઞાતિ અંગેનો દાખલો તેઓએ ફરીયાદ દાખલ થયા બાદ કઢાવેલ છે. આમ, ફરીયાદી તેણીની ઉલટતપાસમાં સદરહુ હકીકત જણાવી બાકીની તમામ હકીકતમાં પોતાની સરતપાસની હકીકતોને ટકી રહે છે.

**૧૩.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૨ થી આ કામના ભોગબનનાર નાઓને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તેઓની જન્મતારીખ તા.૧૯/૦૪/૨૦૦૮ છે. તેઓને નીશાની ૪/૧૪ વાળું તેઓના સ્કુલનું લીવીગ સર્ટીફીકેટની ખરી

નકલ બતાવતા તે તેણીનું લીવીગ સર્ટીફીકેટ છે અને તેમા લખેલ તેઓની જન્મ તારીખ સાચી છે. તા. ૧૩/૦૨/૨૦૨૪ ના રોજ તેઓ અને તેઓની માતા ગોરખીજડીયા કારખાના મુકામે હતા અને ત્યાંથી તેઓના મમ્મી અને જગદીશભાઈ દવાખાને મોરબી ગયેલા હતા તેઓના મમ્મી તે દિવસે તેમનો મોબાઈલ ફોન ઘેર રાખીને ગયેલ હતા અને આ વનરાજની મમ્મી મંગુબેનનો ફોન તેઓના મમ્મીના મોબાઈલ પર વારંવાર ફોન આવતો હતો. તેથી તેઓએ ફોન પર વાત કરેલી. ફોન પર મંગુબેન અને તેના દિકરા વનરાજે વાત કરેલી અને એવું કહેલુ કે હળવદ આવી જા. વનરાજે એવુ પણ કહેલુ કે હુ અને મારો મીત્ર વિજય તને લેવા આવીએ છીએ. તેણી તેથી હળવદ ગયેલી જયા વનરાજે તેણીને એવુ જણાવેલ કે જો તુ ન આવે તો હું તને મોરબી લેવા આવત. હળવદથી પ્રથમ વિજયના ઘેરે તેઓ, વનરાજ અને વિજય બાઈકમાં વિજયના ઘરે અમદાવાદ ગયેલા. ત્યાંથી ઘુમાસણ ગામે ગયેલા. ઘુમાસણ ગામે ગયા જયા બચુભા અને ટીનુભા સામે લેવા આવેલા. ત્યાં ઘુમાસણ ગામે રસીકભાઈ પટેલની વાડીએ તેઓને ચાર-પાંચ દિવસ રાખેલી. આ વાડીએ બોરની ઓરડી હતી ત્યાં વનરાજે તેઓની સાથે ચાર-પાંચ વખત શરીર સંબંધ બાંધેલ હતો. શરીર સંબંધ બાંધવા તેઓએ હા પાડેલ ન હતી. તેઓને વનરાજે એક વાર બે ઝાપટ મારેલી અને હેરાન કરતો હતો અને એવુ કહેતો હતો કે તુ આમ નહી કરે તો હું તને આમ કરીશ એવુ કહેતો હતો અને ઘુમાસણ જયા રાખેલી ત્યાં વનરાજ અને મંગુબા તથા ડોલુભાની પત્ની તેણીને વારંવાર ઢેઢડી એવુ કહેતા હતા. ત્યારબાદ તેઓને રોઝવા ગામે શકિત માતાજીના મંદીરે લઈ ગયેલા અને ત્યાં વનરાજ સાથે તેણીના ફુલહાર કરાવી લગ્ન કરાવેલા. ત્યાંથી પાછા તેઓને ઘુમાસણ ગામે લાવેલા અને વનરાજે તેઓની સાથે વારંવાર શરીર સંબંધ બાંધેલ. ત્યારબાદ ઘુમાસણ ગામે તેઓના મમ્મી અને જગદીશભાઈ લેવા આવેલા ત્યારે તેઓને એરંડાના ખેતરમાં સંતાડી દીધેલ અને તેઓના મમ્મી અને જગદીશભાઈને માર મારેલ. જગદીશભાઈને એવુ જણાવેલ કે ઢેઢા તારાથી થાય તે કરી લેજે. તેઓને ત્યાં કુલે એક મહીનો

અને ચાર દિવસ રાખેલી અને ત્યાં ટંકારા પોલીસવાળા આવી ગયેલા અને આ પહેલા ટંકારા પોલીસવાળા સાથે આ બધા વાતો કરતા હતા. ત્યારબાદ તેઓને ટંકારા પોલીસ, ટંકારા ગામે લાવેલા. ત્યાં પોલીસવાળાએ એવુ કહેલ કે અમે કહીએ તેવુ તારે કહેવાનું. ત્યાંથી તેઓને મેડીકલ કરવા માટે લઈ ગયેલા અને તેઓને ગોરખીજડીયા ગામે કારખાને લઈ ગયેલા અને ત્યારબાદ તેઓને નારી કેન્દ્ર મોરબીમાં મુકવામાં આવેલી. નારી કેન્દ્ર મોરબીથી તેણીના મમ્મી તેણીને ઘરે લઈ ગયેલા અને ત્યારબાદ તેણીને મોરબી કોર્ટમાં પણ લઈ આવેલ હતા. તેણીને અગાઉ મોરબી કોર્ટમાં જજ સાહેબ રૂબરૂ પુછપરછ માટે લાવવામા આવેલ હતા જયા જજ સાહેબે તેઓનું નિવેદન લીધેલુ. જેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૫ થી રજુ રાખેલ છે. તેઓને તેમની જાતિનો દાખલો બતાવતા તે તેણીનો અનુસુચિત જાતિ અંગેનો પ્રમાણપત્ર છે જે ઓળખી બતાવી આંક–૨૬ થી રજુ રાખેલ છે. તેઓને મુદ્દામાલ આર્ટીકલ નંબર – ૧ બતાવતા જેમાં બ્લુ કલરની સફેદ કલરની કુર્તી તથા આર્ટીકલ નં. ૧/૨ – ની લેગીસ પીળા કલરની તથા આર્ટીકલ નં. ૧/૩ ની ગુલાબી કલરની બ્રા તથા આર્ટીકલ નં. ૧/૪ ઘાટા ગુલાબી કલરની નીકર બતાવતા જે તેઓએ રજુ કરેલા કપડા છે જે ઓળખી બતાવે છે. આ કામેના તમામ આરોપીઓને સાહેદ એક પછી એક બતાવીને નામથી ઓળખી બતાવે છે.

**૧૩.૧** સદરહુ સાહેદ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે તેઓ તથા તેઓના મમ્મી તથા જગદીશભાઇ સાથે રહે છે. જગદીશભાઇ તેઓના મમ્મીના મીત્ર થાય છે. એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે આરોપી વનરાજ સાથે અવાર નવાર ફોન પર વાતચીત કરતી હતી. એ હકીકત સ્વીકારેલ છે કે તેઓ ગોરખીજડીયાથી નીકળી અને ટ્રકમાં બેઠી અને ત્યારબાદ રીક્ષામાં બેસી મોરબી બસ સ્ટેન્ડથી હળવદ ચાર રસ્તા પહોંચ ત્યાં સુધી તેઓ એકલી જ હતી તેણીની સાથે બીજુ કોઇ ન હતુ. સવાલ પુછેલ કે રસીકભાઇની વાડીએ રહેતા હતા તે અંગે બનાવ વખતે કોઇને વાત કરેલ નહી તેના જવાબમાં એમ જણાવેલ છે કે હા, નોતી કરેલી કારણકે તેણીને પ્રજાપતી કહીને રાખેલી હતી.

વધુમાં જણાવેલ છે કે શકિતમાતાના મંદીર તેણીની મરજીથી ગયેલી ન હતી અને ત્યાં મંદીરમાં પુજારી અને બીજા લોકો પણ હાજર હતા. એ હકીકત સ્વીકારેલ છે કે પોલીસે તેણીની પુછપરછ કરીને એક લખાણમાં સહી લીધેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓના મમ્મીના મીત્ર જગદીશભાઈના સગા સાથે તેણીના મમ્મીએ તેણીના લગ્ન કરાવવા હોઈ તેણી ઉપર દબાણ કરતા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓ જયારે ચાલી ગયેલી ત્યારે તેણીની ઉમર ૧૮ વર્ષની એટલેકે પુખ્ત વયની હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે ફરીયાદ દાખલ થઈ તે પહેલા તેણીના મમ્મી આરોપીઓ પાસેથી પૈસાની માંગણી કરેલ અને પૈસાની તકરાર હોય હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. આમ, ભોગબનનાર તેણીની ઉલટતપાસમાં સદરહુ હકીકત જણાવી બાકીની તમામ હકીકતમાં પોતાની સરતપાસની હકીકતોને ટકી રહે છે.

**<u>તબીબી સાહેદોનો પુરાવો :-</u>**

**૧૪.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૩ થી આ કામના ભોગબનનારની શારીરીક તપાસણી કરનાર તબીબ ડો. ધ્રુવી જીતેન્દ્રભાઈ પુજારા નાઓને આંક-૨૭ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તા. ૩૦/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતી ત્યારે બપોર કલાક-૦૧:૩૦ બકલ તાલુકા પો.સ્ટે. મોરબીના પો.કોન્સ.આર.જે.જોગરાજીયા નં.૬૨૮૩ નાઓ ના.પો.અ.શ્રી. મોરબીનો દસ્તાવેજ બતાવતા તે યાદીમાં રીસીવ કર્યા બાબતની તેઓની સહી ઓળખી બતાવી આંક-૨૮ થી રજુ રાખેલ છે. આ કામના ભોગબનનારને તેઓની સમક્ષ રજુ કરતા ભોગબનનારની શારીરીક તપાસણી માટે તેણીની તથા તેણીના માતાની સંમતિ મેળવેલી હતી જે અંગે ભોગબનનારના સહી તથા માતાની સહી લીધેલી હતી. બનાવ સબંધે પુછપરછ કરતા ભોગબનનારે તેઓની રૂબરૂમા જણાવેલ કે, " હું કોઈપણ પ્રકારના દબાણમાં આવ્યા વગર જણાવુ છું કે આરોપી વનરાજ બચુભાઈ ઝાલાને આજથી લગભગ દોઢ થી બે

મહિના પહેલા મારા મમ્મી સાથે કામની શોધમાં આરોપીના ભાઈ દોલુભા બચુભા ઝાલાના ઘરે (ઘુમાસણ) ચાર દિવસ રહેવાનું થયું ત્યારે ઓળખાણ પડેલી અને હું મારી ઈચ્છાથી તેમની સાથે વાતો કરતી ત્યારબાદ ચાર દિવસ પછી ગોરખીજડીયા પરત ફરીને અવાર નવાર હું મારી મરજીથી મારા મમ્મીના ફોનમાંથી વાતચીત કરતી હતી તા. ૧૩/૦૨/૨૦૨૪ના રોજ બપોરના બાર વાગ્યે હું મારી મરજીથી આરોપી સાથે મોટર સાયકલમાં ભાગી હતી. મોરબીથી હળવદ ગયા થતા સાજ સુધુ ઘુમાસણ આરોપીના ઘરે ગયા ત્યા બધી વાતની જાણ આરોપીના મમ્મી પપ્પાને કરેલ હતી. ત્યા રોજ હું મારી મરજીથી આરોપી સાથે સંબંધ રાખતી હતી. સંબંધ દરમ્યાન નિરોધ નો ઉપયોગ કરતા હતા. ચાર દિવસ ઘુમાસણ રોકાયા બાદ રોજવા ગામે મારી મરજી વિરુધ્ધ આરોપી તથા આરોપીના મમ્મી પપ્પાએ ફુલહાર વડે લગ્ન શક્તિમાના મંદીરમા કર્યા. ત્યારબાદ ઘુમાસણ પાછા આવ્યા ત્યારથી એક મહિનો ઘુમાસણ રોકાયા આ દરમ્યાન અમે અવાર નવાર સંબંધ રાખતા હતા. તથા સંબંધ દરમ્યાન નિરોધ નો ઉપયોગ કરતા હતા. ત્યારબાદ આજથી દશ દિવસ પહેલા ઘુમાસણ ગામથી પોલીસે મને અને આરોપીને ટંકારા પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. ત્યારબાદ મને વિકાસ વિધાલયમાં ચાર દિવસ રાખેલ અને ત્યારબાદ હું મારી મમ્મી સાથે ગયેલ. ત્યારબાદ આજ રોજ તા.૩૦/૦૩/૨૦૨૪ બપોરના એક વાગ્યે મને સરકારી દવાખાને મોરબી તપાસ કરવામાં લાવેલ છે." જે અંગેની નોંધ કેસ પેપર્સમા કરેલી હતી. તેમાં લખેલી હકીકત સાચી છે, જે તેઓના હસ્તાક્ષરમાં છે જે ઓળખી બતાવી આંક-૨૯ થી રજુ રાખેલ છે. ભોગબનનારના તેણીના ઓળખ ચિન્હોમા ભોગબનનારના જમણા હાથના પર ભોગબનનારના નામ લખેલુ ટેટુ ત્રોફાવેલુ છે. તથા ૧ બાય ૧ એમ.એમ. નો કાળો તલ હોઠથી એક.સે.મી. નીચે અને દાઢીની વચ્ચે હતો. તેણીનો શરીરનો બાંધો મધ્યમ હતો, વજન ૩૯ કિલોગ્રામ હતુ, ઉચાઈ ૧૫૦ સે.મી. હતી. તેનુ માસીક નિયમીત હતુ અને છેલ્લા માસિકની તા. ૧૮/૦૩/૨૦૨૪ ના રોજ આવેલુ હતુ. તેણી

અપરિણીત હતા, બાળક ન હતુ. ગુપ્તભાગે કાળા લાંબા વાળ હતા તેણીના શરીર ઉપર કે કપડા ઉપર કોઈ ધુળ, લોહી, કાદવ કે વિર્યના ચિહ્નો જોવા મળેલ ન હતા. તેણીએ તા. ૩૦/૦૩/૨૦૨૪ ના રોજ સવારના સ્નાન કરેલુ હતુ. તેણીના શરીર ઉપર કોઈ બાહય ઈજાના ચિહનો જણાયેલા ન હતા. ગુપ્તભાગે તપાસ કરતા સામાન્ય જણાયેલ, તેણીનુ યોનીપટલ તુટેલુ હતુ, તેણીના ગુપ્ત ભાગે બાહય ઈજાના ચિહનો જણાયેલા ન હતા. તેઓના અભિપ્રાય મુજબ શારીરીક સંભોગ કરાયેલાની શકયતા જણાયેલી હતી. તેઓના અભિપ્રાય મુજબ ભોગ બનનારની હીસ્ટરી જોતા તેમજ તેણીની શારીરીક ચકાસણી કર્યા બાદ તેઓના અભિપ્રાય મુજબ તેના ઉપર સેકસયુઅલ એસોલ્ટ હકારી શકાય તેમ નથી તેમજ નકારી શકાય તેમ નથી. ભોગબનનારના શરીર ઉપરથી લોહી, ગુપ્તભાગના વાળ, નખ, લાળ, વજાઈનલ સ્વેબ, સર્વાઈકલ સ્વેબ, તથા વજાઈનલ સ્મીએર અને સર્વાઈકલ સ્મીએરનની સ્લાઈડસના નમુના પૃથકરણના હેતુસર લીધેલ હતા. જે નમુના આવેલ પોલીસ કર્મચારીને નમુના નંબર. ૨(બી) પત્રક બે પ્રતમાં ભરી સહી કરી શીલબંધ હાલતમા સોપેલા હતા. તેઓને ભોગબનનારની શારીરિક તપાસણી કરેલ અને નમુના મેળવેલ તેનુ પ્રમાણપત્ર બતાવતા તેમાં લખેલ હકિકત સાચી છે તે તેઓના હસ્તાક્ષરમા છે તેમા તેઓની સહી અને હોદાનો સીકકો ઓળખી બતાવી આંક-૩૦ થી રજુ રાખેલ છે. તેઓને નમુના નંબર. ૨(બી) ના ફોર્મની ઝેરોક્ષ નકલ છે બતાવતા જે તેઓના હસ્તાક્ષરમા છે જે ઓળખી બતાવી તેમાં લખેલી હકીકત સાચી હોવાનું જણાવી જેની અસલ નમુના સાથે એફ.એસ.એલમાં મોકલી આપવામાં આવેલ છે જે આંક-૩૧ થી રજુ રાખેલ છે.

**૧૪.૧** સદરહુ સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે બનાવ સંબંધે તેઓએ જાતે હીસ્ટ્રી લખેલ નથી. એ વાત સ્વીકારેલ છે કે ભોગબનનાર સાથે તેણીની માતા પણ તેની સાથે આવેલા. આમ, સદરહુ મેડીકલ સાહેદ ઉલટતપાસમાં સદરહુ હકીકત જણાવી બાકીની તમામ હકીકતમાં પોતાની સરતપાસની

હકીકતોને ટકી રહે છે.

**૧૫.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૪ થી આ કામના આરોપીની શારીરીક તપાસણી કરનાર તબીબ ડો. યશ્વી નિલેશભાઇ કુલતરીયા નાઓને આંક–૩૨ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, ૦૯/૦૪/૨૦૨૪ ના રોજ તેઓ તેઓની ફરજ ઉપર હાજર હતી ત્યારે ના.પો.અ.શ્રી. મોરબી પો.કોન્સ.એસ.ડી.મોઢ, બકલ નં.૬૩૫ નાઓ ના.પો.અ.શ્રી. મોરબીની પોલીસ યાદી સાથે આ કામના આરોપીને તેઓની સમક્ષ નમુના મેળવવા અને શારીરિક પરીક્ષણ કરવા રજુ કરેલા હતા. તેઓને યાદી બતાવતા જેમા રીસીવ કર્યા બાબતની તેઓની સહી છે જે આંક–૩૩ થી રજુ રાખેલ છે. આ કામના આરોપીને તેઓની સમક્ષ રજુ કરતા તેને બનાવ અંગેની હકીકત પુછતા જણાવેલ હતુ કે " અમારી પ્રથમ મુલકાત આશરે બે મહિના પહેલા ઘુમાસણમાં મારા ઘરે થયેલ. તેના થોડા દિવસો પછી પિડીતા એકલી પોતાની મરજીથી આરોપીના ઘરે આવેલ અને રહેલ. આ દરમ્યાન વારંવાર બન્નેની મરજીથી શારીરીક સંબંધ બંધાયેલ. છેલ્લી વાર શારીરીક સંબંધ આશરે ૨૦–૨૫ દિવસ પહેલા બન્નેની મરજીથી બંધાયેલ. " આરોપીના શારીરીક તપાસણી કરેલી હતી જેમાં આરોપીના ઓળખ ચિહ્નમા ગળાની જમણી બાજુ એક કાળો તલ હતો. તેના શરીરનો બાંધો મધ્યમ હતો. આરોપીની ઉંચાઈ ૧૭૩ સે.મી. હતી. તેનુ વજન ૫૫ કીલોગ્રામ હતુ, આરોપીએ લગ્ન કરેલ ન હતા અને તેને બાળક ન હતુ. તેણે ચોખ્ખા અને ધોયેલા કપડાં પહેરેલા જેમા લાઈટ બ્લુ કલરનુ ડીઝાઈન વાળો શર્ટ અને બ્લુ કલરનુ ડેનીમ જીન્સ હતું. તેણે છેલ્લી વાર સ્નાન તા. ૦૮/૦૪/૨૦૨૪ ના રોજ કરેલ હતુ. તેના શરીર ઉપર કોઈ બાહ્ય ઈજાના ચિહ્નો જણાયેલા ન હતા. તેના ગુપ્તભાગે વાળ ચોંટેલા ન હતા. સેકસ્યુઅલ કેરેકટર સુવીકસીત હતા. તેના બાહ્ય ભોગો ઉપર કોઈ ઈજાના ચિહ્નો જોવા મળેલ ન હતા અને કોઈ ડાઘ જોવા મળેલ ન હતા. તેના ટેસ્ટીકલ સામાન્ય હતા અને સુન્નત કરાવેલ ન હતું. કોઈ અસામાન્ય બાબત જણાઈ આવેલ ન

હતી. તેઓના અભિપ્રાય મુજબ આરોપી શારીરીક સંબંધ બાંધવા માટે અસક્ષમ નથી. આરોપીના શરીર ઉપરથી લોહી, લાળ, વીર્ય, ગુપ્તભાગના વાળ, આંગળીના નખના નમુના મેળવી આવેલ પોલીસ કર્મચારીને નમુના નંબર. ૨ (બી) પત્રક બે પ્રતમાં ભરી સહી કરી શીલબંધ હાલતમા સોપેલા હતા. તેઓને આરોપીની શારીરિક તપાસણી કરેલ અને નમુના મેળવેલ તેનુ પ્રમાણપત્ર છે તેમા લખેલ હકિકત સાચી છે તે તેઓના હસ્તાક્ષરમા છે જેમાં તેઓની સહી અને હોદાનો સીકકો છે જે ઓળખી બતાવી આંક–૩૪ થી રજુ રાખેલ છે. તેઓને નમુના નં. ૨(બી) ના ફોર્મની ઝેરોક્ષ નકલમાં તેઓના હસ્તાક્ષરમા છે જે ઓળખી બતાવી તેમાં લખેલી હકીકત સાચી છે જેની અસલ નમુના સાથે એફ.એસ.એલમાં મોકલી આપવામાં આવેલ છે તેની ઓફીસ કોપીને આંક–૩૫ થી રજુ રાખેલ છે.

**૧૫.૧** સદરહુ સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે બનાવ સંબંધે તેઓએ જાતે હીસ્ટ્રી લખેલ નથી. આમ, સદરહુ મેડીકલ સાહેદ ઉલટતપાસમાં સદરહુ હકીકત જણાવી બાકીની તમામ હકીકતમાં પોતાની સરતપાસની હકીકતોને ટકી રહે છે.

<u>**પંચ સાહેદો તથા અન્ય સાહેદોનો પુરાવો :–**</u>

**૧૬.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૫ થી ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેના પંચનામાના પંચસાહેદ વિજયસિંહ પ્રવિણસિંહ પરમાર નાઓને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તા. ૩૦/૦૩/૨૦૨૪ ના રોજ મામલતદાર સાહેબ, મોરબી શહેર નાઓની સુચનાના આધારે તેઓને તથા તેઓની સાથે ફરજ બજવતા ધર્મેશભાઈ ભરતભાઈ કુવાડીયા રેવન્યુ તલાટી મંત્રીને પંચ તરીકે જવા માટે નાયબ પોલીસ અધીક્ષક, મોરબી નાઓની કચેરી જઈ કામગીરી કરવા માટે સુચન કરતા તેઓ તથા ધર્મેશભાઈ પોલીસ અધીક્ષક કચેરી એસ.સી.એસ.ટી.સેલ.મોરબી ખાતે સવારે દસ વાગ્યે હાજર

થયેલા. પોલીસે તેઓને ભોગ બનનાર સાથે જે દુષ્કર્મ થયેલુ તેના પહેરેલ કપડા તપાસ અર્થે કબ્જે કરવા માટે જે અંગેનું પંચનામું કરવા તેમા પંચમાં રહેવા સમજ કરતા તેઓએ તથા પંચ નં. ૨ ધર્મેશભાઈ ભરતભાઈએ સંમતિ આપેલ. ત્યાં પોલીસ પાસે એક ભોગ બનનાર સગીર વયની છોકરી તથા એક મહિલા હાજર હતી જે તેણીની માતા હોવાનું જણાવેલ હતુ. તે વખતે ભોગ બનનારના હાથમાં રહેલ થેલીમાં થી કપડા બહાર કાઢી રજુ કરેલ હતા જે કપડા જોતા એક સફેદ લીટી વાળી કુર્તી હતી જે પોલીસે પંચનામાની વિગતે સીલ કરી તેઓની તથા પોલીસની સહી લઈ તપાસણી અર્થે કબ્જે કરેલ. ત્યારબાદ એક પીળા કલરની ચોરણી હતી તથા એક આછા ગુલાબી કલરની બ્રા હતી તથા એક ઘાટા ગુલાબી કલરની નીકર હતી જે તમામ કપડાઓ પોલીસે પંચનામાની વિગતે સીલ કરી તેઓની તથા પોલીસની સહી લઈ તપાસણી અર્થે કબ્જે કરેલ અને તે અંગેનું પંચનામું કરેલ હતું. જે પંચનામામાં પંચ નંબર ૧ તરીકે તેઓની સહી છે તથા પંચ નં. ૨ તરીકે ધર્મેશભાઈ ભરતભાઈની સહી છે જે ઓળખી બતાવી આંક-૪૦ થી રજુ રાખેલ છે. તેઓને મુદામાલ કપડાઓ બતાવતા આ તે જ કપડાઓ છે. તેઓને મુદામાલ માંથી નીકળેલ પંચસ્લીપો બતાવતા તેમા પંચ નંબર ૧ તરીકે તેઓની સહી છે તથા પંચ નં. ૨ તરીકે ધર્મેશભાઈ ભરતભાઈની સહી છે જે ઓળખી બતાવી આંક-૪૧ થી ૪૩ સુધી રજુ રાખેલ છે. આ પંચનામાની કાર્યવાહી તા. ૩૦/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૧૦:૪૫ વાગ્યે પુર્ણ થતા તેઓ તથા પંચ નં. ૨ ધર્મેશભાઈ ભરતભાઈ પરત આવેલ.

**૧૬.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે આ ભોગબનનારના કપડા છે એટલે તેઓએ તે જોઇ અને પંચનામું લખાવેલુ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે ભોગબનનારના કપડા કબજે કર્યા તે વખતે ભોગબનનારના માતા તેણીની સાથે હાજર હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે તેઓની હાજરીમાં ભોગબનનારના કોઇ કપડા કબજે કરવામાં આવેલ નથી.

**૧૭.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૬ થી સ્થાનીક જગ્યાના પંચનામાના પંચસાહેદ ભરતભાઇ ભાણાભાઇ ગોલતર નાઓને આંક–૪૪ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, પોલીસે તેઓને કુબેર ટોકીઝ વાળા રોડ ઉપર સોઓરડીમાં બોલાવતા તેઓ ત્યાં હાજર થયેલા અને તેઓની સાથે પંચ નં. ૨ તરીકે હસમુખભાઈ ખોડાભાઈ હાજર હતા. ત્યાં પોલીસે તેઓને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ. તેઓ શ્રી.એસ.પેકેઝીગ કારખાનાની ઓરડી ગોરખીજડીયા ગામની સીમમાં ગયેલો અને ત્યાં પોલીસ અને એક મહિલા હાજર હોય અને તેને સ્થાનિક જગ્યા બતાવેલી હોય અને તેનુ પંચનામું પોલીસે તેઓની હાજરીમાં કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને સ્થાનીક જગ્યાનું પંચનામું બતાવતા તેમા પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે તથા પંચ નં. ૨ તરીકે હસમુખભાઈ ખોડાભાઈની સહી છે જે ઓળખી બતાવી આંક–૪૫ થી રજુ રાખેલ છે. સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**૧૭.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે તમારે બનાવવાળી જગ્યાના પંચ તરીકે હાજર રહેવાનું છે એટલે તેઓએ તે જોઇ અને પંચનામું લખાવેલ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસવાળાએ તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી તેઓ કારખાનાવાળી જગ્યાએ ગયેલ નથી.

**૧૮.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૭ થી બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ રસીકભાઇ ગોરધનભાઇ પટેલ નાઓને આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત

જણાવેલ છે કે, તેઓ તેઓના કામ સબબ કડી મુકામે ગયેલો હતો ત્યાં તેઓને પોલીસનો ફોન આવેલો અને જણાવેલ કે અમો તમારા ખેતરે આવેલ છીએ જેથી તેઓ તેઓના ખેતરે ગયેલ જયાં પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ. આ કામના આરોપી વનરાજસિંહ ઉર્ફે નાનુભા બચુભા ઝાલા ના પિતા તેઓના ખેતરમાં ખેતી કામ મજુરી કરે છે. તેઓને બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવતા તેમા પંચ નં. ૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક–૪૮ થી રજુ રાખેલ છે. તેઓની હાજરીમા પોલીસને તેઓએ બનાવવાળી જગ્યા એટલે કે ઓરડી બતાવેલી હોય અને તેની પોલીસે પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**૧૮.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે તમારે બનાવવાળી જગ્યાના પંચ તરીકે હાજર રહેવાનું છે એટલે તેઓએ તે જોઇ અને પંચનામું લખાવેલ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસવાળાએ તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી તેઓ કારખાનાવાળી જગ્યાએ ગયેલ નથી.

**૧૯.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૮ થી બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ જીલુજી સોમાજી ઠાકોર નાઓને આંક–૪૯ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, પોલીસ તેઓની પાસે આવી અને એક તૈયાર પંચનામા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક–૪૮ વાળુ પંચનામુ બતાવતા તેમા પંચ નં. ૨ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. તેઓની હાજરીમા પોલીસને તેઓએ બનાવવાળી જગ્યા એટલે કે ઓરડી બતાવેલી હોય અને

તેની પોલીસે પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**૧૯.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે તમારે બનાવવાળી જગ્યાના પંચ તરીકે હાજર રહેવાનું છે એટલે તેઓએ તે જોઈ અને પંચનામું લખાવેલ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસવાળાએ તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી તેઓ કારખાનાવાળી જગ્યાએ ગયેલ નથી.

**૨૦.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૯ થી આરોપી અટક પંચનામાના પંચસાહેદ મહેશભાઈ પોપટભાઈ ભોજવીયા નાઓને આંક–૫૦ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે તેઓને એક તૈયાર પંચનામા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને અટક પંચનામું બતાવતા તેમા પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવી આંક–૫૧ થી રજુ રાખેલ છે. તેઓની હાજરીમા પોલીસે વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલાને અટક કરેલ હોય અને તેણે બનાવ સમેયે પહેરેલ કપડાઓ રજુ કરેલ હોય જે પોલીસે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ હોય તેવુ બનેલુ નથી. તેઓને મુદામાલ કપડા બતાવતા તે પોલીસે તેઓની હાજરીમા કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી. તેમાથી નિકળેલ પંચસ્લીપો બતાવતા તેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવી આંક–૫૨ અને ૫૩ થી રજુ રાખેલ છે. આરોપીને તેઓની હાજરીમા અટક કરેલ ન હોય તેને ઓળખતો નથી. સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ કર્યા બાદ

ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**૨૦.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે તમારે અટક પંચનામાના પંચ તરીકે હાજર રહેવાનું છે એટલે તેઓએ તે જોઇ અને પંચનામું લખાવેલ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસવાળાએ તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી.

**૨૧.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૦ થી આરોપી અટક પંચનામાના પંચસાહેદ ઇરફાન રફીકભાઇ સમા નાઓને આંક-૫૪ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તેઓ પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે તેઓને એક તૈયાર પંચનામા સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક-૫૧ વાળું પંચનામું બતાવતા તેમા પંચ નં. ૨ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. તેઓની હાજરીમા પોલીસે વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલાને અટક કરેલ હોય અને તેણે બનાવ સમેયે પહેરેલ કપડાઓ રજુ કરેલ હોય જે પોલીસે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ હોય તેવુ બનેલુ નથી. તેઓને મુદામાલ કપડા બતાવતા તે પોલીસે તેઓની હાજરીમા કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી. તેમાથી નિકળેલ આંક-૫૨ અને ૫૩ થી પંચસ્લીપો બતાવતા તેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. આરોપીને તેઓની હાજરીમા અટક કરેલ ન હોય તેને ઓળખતો નથી. સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**૨૧.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે તમારે અટક પંચનામાના પંચ તરીકે હાજર રહેવાનું છે એટલે તેઓએ તે જોઇ અને પંચનામું

લખાવેલ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસવાળાએ તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી.

**૨૨.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૧ થી સ્થાનીક પંચનામાના પંચસાહેદ હસમુખભાઇ ખોડાભાઇ પાંચીયા નાઓને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, પોલીસે તેઓને કુબેર ટોકીઝ વાળા રોડ ઉપર સોઓરડીમાં બોલાવતા અમો ત્યાં હાજર થયેલા અને તેઓની સાથે પંચ નં. ૧ તરીકે ભરતભાઈ ભાણાભાઈ હાજર હતા. ત્યાં પોલીસે તેઓને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલ. તેઓ શ્રી.એસ.પેકેઝીગ કારખાનાની ઓરડી ગોરખીજડીયા ગામનીસીમામાં ગયેલો અને ત્યાં પોલીસ અને એક મહિલા હાજર હોય અને તેને સ્થાનિક જગ્યા બતાવેલી હોય અને તેનુ પંચનામું પોલીસે તેઓની હાજરીમાં કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને આંક–૪૫ વાળું પંચનામું બતાવતા તેમા પંચ નં. ૨ તરીકે તેઓની સહી છે તથા પંચ નં. ૧ તરીકે ભરતભાઈ ભાણાભાઈ ની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**૨૨.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે તમારે સ્થાનીક જગ્યાના પંચનામાના પંચ તરીકે હાજર રહેવાનું છે એટલે તેઓએ તે જોઇ અને પંચનામું લખાવેલ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસવાળાએ તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી.

**૨૩.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૨ થી અટક તથા વાહન કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ અજીતભાઈ નાગજીભાઈ માલકીયા નાઓને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન

એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તેઓની રીક્ષા લઈને પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે તેઓને ઉભો રખાવેલ અને લખેલા કાગળોમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓને અટક તથા વાહન કબજે કર્યાના પંચનામું બતાવતા તેમાં પંચ નં. ૧ તરીકે તેઓની સહી છે. જે ઓળખી બતાવી આંક–૬૦ થી રજુ રાખેલ છે. તેઓને પોલીસ સ્ટેશનમા બોલાવી તેઓની હાજરીમા આ કામના આરોપી (૧) શકિતસિંહ ઉર્ફે ટીનુભા બાબુભા વાઘેલા, (૨) દોલુભા ઉર્ફે દોલુ બચુભા ઝાલા, (૩) વિજુભા ચેહુભા ઝાલા, (૪) મંગુબા બચુભા ઝાલા નાઓને ગુન્હાના કામે અટક કરવાના હોય આરોપીઓની શરીર સ્થિતીનુ પંચનામુ કરવા સમજ કરતા તેઓએ પંચમા રહેવા સહમત થયેલો હોય તેવુ બનેલુ નથી. તેઓની હાજરીમાં આ કામના આરોપીઓના નામ ઠામ પુછી તેના શરીર ઉપર પહેરેલ કપડા સહિતનુ વર્ણન કરી આરોપી નં. (૧) ના મીત્ર, આરોપી નં. (૨) તથા (૩) ના બનેવી તથા આરોપી નં. (૪)ના જમાઈ નાઓને આરોપીઓના અટક કરવાની જાણ કરી વિગતવારનુ પંચનામુ કોમ્પ્યુટરમા તૈયાર કરી તેઓને વાંચી સંભળાવી તેઓએ સહી કરી આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓ આ કામના આરોપીને ઓળખતો નથી. આરોપીઓની તેઓની હાજરીમા અટક કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી. તેઓની હાજરીમાં બનાવમાં ઉપયોગ થયેલ મોટર સાયકલ આરોપીએ સ્વખુશીથી રજુ કરેલ હોય અને તે તેઓ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મુદામાલ તરીકે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આ કામના આરોપીઓને તેઓ ઓળખતા નથી. સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**૨૩.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે તમારે આરોપીઓને અટક કરવાના હોય તેના પંચ તરીકે હાજર રહેવાનું છે એટલે તેઓએ તે જોઇ

અને લખાવેલ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસવાળાએ તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ કોઇ જગ્યાએ સરતપાસમાં જણાવ્યા મુજબના કોઈપણ વ્યકિતને જોયેલ નથી કે તેઓને ઓળખતા નથી.

**૨૪.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૩ થી ભોગબનનારનું સ્કુલ લીવીંગ પ્રમાણપત્ર કાઢી આપનાર મનોજકુમાર ખેંગારભાઈ મકવાણા નાઓને આંક–૬૨ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તેઓ શ્રી. આર.એમ. દેસાઈ વિદ્યાલય, દસાવાડા, તા.સિધ્ધપુર, જિ. પાટણમાં ઈ.ચા.આચાર્ય તરીકે ૦૧/૧૧/૨૦૨૫ થી ફરજ બજાવે છે. તેઓના પહેલા આ વિદ્યાલયમાં સ્કુલના આચાર્ય તરીકે ભરતભાઈ શંભુભાઈ પટેલ ફરજ બજવતા હતા. તેઓ વયમર્યાદાના કારણે નિવૃત થતા હાલ તેઓ ઈ.ચા. આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તા. ૦૨/૦૪/૨૦૨૪ ના રોજ તેઓના ભુતપુર્વ આચાર્યશ્રીને ના.પો.અ.શ્રી.ઈ.ચા.એસ.સી.એસ.ટી.સેલ, મોરબીથી આ કામની ભોગ બનનાર જે તેઓની સ્કુલમાં અભ્યાસ કરતી હતી તેનુ શાળા છોડયાનું પ્રમાણપત્ર નંબર ૩૦૮૩/૨૦૨૩, તા. ૨૨/૦૨/૨૦૨૪, જી. રજીસ્ટર નંબર–૨૯૭૮ ની સ્કુલ લીવીગની ખરી નકલ તેમજ તે અંગેનો અહેવાલ મોકલવા અંગે પોલીસ યાદી આવી હતી જે પોલીસ યાદી ઓળખી બતાવી આંક–૬૩ થી રજુ રાખેલ છે. આ યાદીના આધારે તેઓના ભુતપુર્વ આચાર્ય શ્રી ભરતભાઈ શંભુભાઈ પટેલે અહેવાલ તૈયાર કરી ભોગ બનનારનું સ્કુલ લીવીગ સર્ટીફીકેટની નકલ સાથે ના.પો.અ.શ્રી.મોરબી નાઓને મોકલી આપેલ હતું. તેઓને અહેવાલ બતાવતા તે તેઓની સ્કુલના લેટરપેડ ઉપર આચાર્યશ્રી ભરતભાઈ દ્વારા મોકલવામાં આવેલ હતો જેમાં તેઓની સહી છે તે ઓળખી બતાવી આંક–૬૪ થી રજુ રાખેલ છે. તેઓ પોતાની સાથે સ્કુલનું વર્ષ–૨૦૧૦ થી વર્ષ આજ દિન સુધીનું જનરલ રજીસ્ટર અસલ લાવેલ જેમાં શાળા છોડયાનું પ્રમાણપત્ર નંબર – ૩૦૮૩/૨૦૨૩, તા.

૨૨/૦૨/૨૦૨૪, જી.રજીસ્ટર નંબર–૨૯૭૮ સ્કુલ લીવીગ સર્ટીફીકેટ ચકાસતા તેમા ભોગ બનનારનું નામ તથા અન્ય વિગતો જણાવેલ છે. જેમાં તેણીની જન્મ તારીખ ૧૯/૦૪/૨૦૦૮ જણાવેલ છે અને જ્ઞાતિ હિન્દુ/ ચમાર જણાવેલ છે. આ અસલ જી.આર.સ્કુલ લીવીગ સર્ટીફીકેટની ખરી નકલમાં તેઓના ભુતપુર્વ આચાર્યશ્રી ભરતભાઈ શંભુભાઈ પટેલની સહી છે જે ઓળખી બતાવી આંક–૬૫ થી રજુ રાખેલ છે. આ જનરલ રજીસ્ટરમાં ભોગ બનનારનું નામ દાખલ થયેલ છે તેના ઉતારાની ખરી નકલમાં તેઓની સહી છે જે ઓળખી બતાવી જેમાં ભોગબનનારનું નામ અને વિગત રજીસ્ટર નંબર–૨૯૭૮ માં જણાવવામાં આવેલ છે આંક–૬૬ થી રજુ રાખેલ છે.

**૨૪.૧** સદરહુ સાહેદ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે તેઓએ જે જુબાની આપેલ છે તે રેકર્ડના આધારે આપેલ છે. એ હકીકત સ્વીકારેલ છે કે તેઓએ આંક–૬૬ થી રજુ કરેલ જનરલ રજીસ્ટરના ઉતારામાં આદર્શ વિધાલય, દસાવાડા એવુ લખેલ છે. ત્યારબાદ સ્કુલનું નામ બદલાયેલ છે. આમ, સદરહુ સાહેદે રેકર્ડના આધારે ભોગબનનારનું લીવીંગ સર્ટીફીકેટ કાઢી આપી પોતાના પુરાવામાં રજુ કરેલ છે.

**૨૫.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૪ થી અટક તથા વાહન કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ વિવેક કિશોરભાઇ ધોળકીયા નાઓને આંક–૭૦ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તેઓની રીક્ષા લઈને પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે તેઓને ઉભો રખાવેલ અને લખેલા કાગળોમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી. તેઓને આંક–૬૦ વાળું પંચનામું બતાવતા તેમાં પંચ નં. ૨ તરીકે તેઓની સહી છે. જે ઓળખે છે. તેઓને પોલીસ સ્ટેશનમા બોલાવી તેઓની હાજરીમા આ કામના આરોપી (૧) શકિતસિંહ ઉર્ફે ટીનુભા બાબુભા વાઘેલા, (૨) દોલુભા ઉર્ફે દોલુ બચુભા ઝાલા, (૩) વિજુભા ચેહુભા ઝાલા, (૪) મંગુબા બચુભા ઝાલા નાઓને

ગુન્હાના કામે અટક કરવાના હોય આરોપીઓની શરીર સ્થિતીનુ પંચનામુ કરવા સમજ કરતા તેઓએ પંચમા રહેવા સહમત થયેલો હોય તેવુ બનેલુ નથી. તેઓની હાજરીમાં આ કામના આરોપીઓના નામ ઠામ પુછી તેના શરીર ઉપર પહેરેલ કપડા સહિતનુ વર્ણન કરી આરોપી નં. (૧) ના મીત્ર, આરોપી નં. (૨) તથા (૩) ના બનેવી તથા આરોપી નં. (૪)ના જમાઈ નાઓને આરોપીઓના અટક કરવાની જાણ કરી વિગતવારનુ પંચનામુ કોમ્પ્યુટરમા તૈયાર કરી તેઓને વાંચી સંભળાવી તેઓએ સહી કરી આપેલ હોય તેવુ બનેલ નથી. તેઓ આ કામના આરોપીને ઓળખતો નથી. આરોપીઓની તેઓની હાજરીમા અટક કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી. તેઓની હાજરીમાં બનાવમાં ઉપયોગ થયેલ મોટર સાયકલ આરોપીએ સ્વખુશીથી રજુ કરેલ હોય અને તે તેઓ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે મુદામાલ તરીકે કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. આ કામના આરોપીઓને તેઓ ઓળખતા નથી. સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરેલ કર્યા બાદ ઉલટતપાસ કરવા છતા પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**૨૫.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસવાળાએ તેઓને એવુ કહેલ કે તમારે આરોપીઓને અટક કરવાના હોય તેના પંચ તરીકે હાજર રહેવાનું છે એટલે તેઓએ તે જોઇ અને લખાવેલ હતુ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓને પોલીસવાળાએ તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ કોઇ જગ્યાએ સરતપાસમાં જણાવ્યા મુજબના કોઇપણ વ્યકિતને જોયેલ નથી કે તેઓને ઓળખતા નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો :-</u>**

**૨૬.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૫ થી ફરીયાદ દાખલ કરનાર અમલદાર ઈન્દ્રવદન મોતીલાલ અજમેરી નાઓને આંક-૭૧ થી તપાસવામાં આવેલ છે

અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તા. ૨૯/૦૩/૨૦૨૪ ના રોજ મોરબી તાલુકા પો.સ્ટે. ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજવતા હતા તે દરમ્યાન તેઓના પો.સ્ટે.ના ઈ.ચા.પી.આઈ.શ્રી. એન.આર.મકવાણા નાઓએ આ કામના ફરીયાદી નાઓની પોતાના રૂબરૂ લીધેલ ફરીયાદ ગુનો રજીસ્ટર કરવા સારુ તેઓને આપતા તેઓએ સદર ફરીયાદ મોરબી તાલુકા પો.સ્ટે.એ.પાર્ટ.ગુ.ર.નં.૦૬૩૭/૨૦૨૪ થી રજીસ્ટરે લીધેલી અને સદર ગુનો ના.પો.અ.શ્રી.એસ.સી.એસ.ટી.સેલ.ની જાત તપાસ નો બનતો હોય સદર ગુનાની તપાસ ઈ.ચા.ડી.વાય.એસ.પી.શ્રી. એસ.સી. એસ.ટી.સેલ. પી.એ.ઝાલા સાહેબ તરફ ડેપ્યુટ હુકમ કરી મોકલી આપેલ હતો જે ડેપ્યુટ હુકમમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૭૨ થી રજુ રાખેલ છે.

**૨૬.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરીયાદ લખ્યા સીવાય બીજી તેઓને કોઈ અંગત જાત માહિતી નથી, ફરીયાદ અંગેની તેઓએ કોઈ ખરાઈ કરેલ નથી, ફરીયાદમાં જણાવેલ આક્ષેપો અંગે તેઓને બીજી કોઈ જાત માહિતી નથી.

**૨૭.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૬ થી ફરીયાદ લેનાર અમલદાર નરેન્દ્રકુમાર રણજીતસિંહ મકવાણા નાઓને આંક–૭૫ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તા. ૨૯/૦૩/૨૦૨૪ ના રોજ તેઓ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ઈ.ચા.પી. આઈ. તરીકે ફરજ બજવતા હતા દરમ્યાન આ કામના ફરીયાદી પોલીસ સ્ટેશને આવી તેઓના રૂબરૂની ફરીયાદ હકીકત જણાવેલ હતી કે ફરીયાદીની ભોગ બનનાર દિકરીને આ કામના આરોપીઓએ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના કે બદકામ કરવાના ઈરાદે તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયા બાબતની ફરીયાદ તેઓના રૂબરૂ આપતા તેઓએ તે ફરીયાદ તેમના લખાવ્યા મુજબ લખી લઈ તે ફરીયાદ દાખલ થવા પી.એસ.ઓ.ને યાદી કરેલ હતી જેના આધારે પી.એસ.ઓ.એ ગુ.ર.નં.

૪૦૬૩૭/૨૦૨૪ થી આઈ.પી.સી.કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૨)(જે), ૩૭૬(૩) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(વી.આઈ), ૩(૨)(વી), ૩(૧)(ડબલ્યુ) (આઈ) તથા પોક્સો એકટની કલમ–૫(એલ), ૬ મુજબનો ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ.ને યાદી કરેલ હતી. તેઓને ગુન્હો રજીસ્ટર કરવાની યાદી બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૭૬ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આગળની આ કામની તપાસ તેઓએ ડી.વાય.એસ.પી. પી. એ.ઝાલા સાહેબ નાઓને સોપેલ હતી.

**૨૭.૧** જયારે બચાવપક્ષે આરોપીઓ તરફે કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ કામની ફરીયાદ તેઓની રૂબરૂ લેવાયેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ આપવામાં આવી તે વખતે તેઓ પણ હાજર હતો અને ફરીયાદ કોણે લખાવેલ તે તેઓ કહી શકે નહી, આ કામે ફરીયાદ લીધા સીવાય તેઓ અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**૨૮.** ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૭ થી તપાસ કરનાર અમલદાર પ્રતિપાલસિંહ અજીતસિંહ ઝાલા નાઓને આંક–૭૭ થી તપાસવામાં આવેલ છે અને જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૪ માં મોરબી ડીવીઝન ખાતે ડી.વાય.એસ.પી. તરીકે ફરજ બજવતા હતા તે વખતે તા. ૨૯/૦૩/૨૦૨૪ ના રોજ આ કામના ફરીયાદીશ્રીએ પોતાની ધોરણસરની ફરીયાદ પી.આઈ.શ્રી.મોરબી તાલુકા પો.સ્ટે. રૂબરૂ લખાવેલ હતી. જે ગુનાની તપાસ પો.અ.શ્રી.મોરબી ના હુકમથી તેઓએ સંભાળેલ હતી. તેઓને પો.અ.શ્રી.મોરબી નો સદર હુકમ બતાવતા તે હુકમ તે જ છે જેમા પો.અ.શ્રી.રાહુલ ત્રીપાઠી સાહેબ નાઓની સહી છે જે ઓળખી બતાવી આંક–૭૮ થી રજુ રાખેલ છે. સદર હુકમ મળ્યા બાદ તેઓએ તાલુકા વિકાસ અધીકારીશ્રી સિધ્ધપુર, જિ.પાટણ નાઓને ભોગ બનનારનું જાતિના પ્રમાણ પત્રની ખરાઈ કરી આપવા પત્ર લખેલ જે પત્રની ઓ.સી. માં તેઓની

સહી ઓળખી બતાવી આંક–૭૯ થી રજુ રાખેલ છે. સદર પત્રના અનુસંધાને તાલુકા વિકાસ અધીકારીશ્રી સિધ્ધપુર નાઓએ તેઓના તા. ૨૨/૦૪/૨૦૨૪ ના પત્ર મોકલેલ અને જે પત્રમાં ભોગ બનનારના જ્ઞાતિની ખાત્રી કરતા ભોગ બનનાર અનુસુચિત જાતિના હોવાની નોંધ હોવાનું જણાવેલ જે પત્ર તેઓને તપાસના કામે મળેલ જે તે જ છે જે આંક–૮૦ થી રજુ રાખેલ છે. તેઓએ તપાસના કામે ભોગ બનનારની જન્મ તારીખની તપાસણી કરવા માટે આર.એમ.વિદ્યાલય સ્કુલ, દસવાડા નાઓને પત્ર લખેલ. જેના અનુસંધાને આંક–૬૪ થી આર.એમ. દેસાઈ વિદ્યાલયે ભોગ બનનારનું સ્કુલ લીવીગ સર્ટીફીકેટ સાથે પત્ર લખેલ જે તેઓને તપાસના કામે મળેલ જે તે જ છે. જે આ કામે આંક–૬૪ તથા આંક–૬૫ થી રજુ છે જે તેઓએ તપાસના કામે મેળવેલ જ તે જ છે. જેમા ભોગ બનનારની જન્મ તારીખ ૧૯/૦૪/૨૦૦૮ જણાવવામાં આવેલ છે. જે ગુનાની તપાસના કામે ફરીયાદીનુ વિશેષ નિવેદન તથા ભોગ બનનારનું ફરીયાદી તથા મહિલા પોલીસ કોન્સ્ટેબલ રૂબરૂ નિવેદન નોધેલ હતું. તેમજ લાગતા વળગતા અન્ય સાહેદોના નિવેદનો નોંધેલ હતા. તેમજ ફરીયાદીશ્રી તથા ભોગ બનનારની સહમતીથી ભોગ બનનારનુ મેડીકલ પરીક્ષણ કરાવેલ. તેમજ ભોગ બનનારે રજુ કરેલ કપડા પંચનામાની વિગતે તપાસના કામે સામેલ રાખેલ. તેમજ તમામ મુદામાલ એફએસએલ રાજકોટ ખાતે મોકલવા તજવીજ કરેલ. તેમજ આ કામે તપાસ દરમ્યાન મુખ્ય આરોપી વનરાજ ઉર્ફે નનુભા ઝાલા મળી આવતા તેમને અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલહતી. જેમાં સ્થાનિક જગ્યાનું પંચનામું કરવામાં આવેલ તથા આરોપીએ રજુ કરેલ કપડા પંચનામાની વિગતે કબ્જે કરી તપાસના કામે સામેલ રાખેલ હતા. તેમજ આરોપીનું મેડીકલ પરીક્ષણ કરાવેલ જે તમામ મુદામાલ એફએસએલ મોકલવા તજવીજ કરેલ. આ કામે ભોગ બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવા સારૂ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રી, મોરબી નાઓને યાદી પાઠવેલ હતી અને તેમના તરફથી ભોગ

બનનારને હાજર રખવવા સારૂ સમય અને તારીખ મળતા તે તારીખે ભોગ બનનારને હાજર રખાવેલ અને તેનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધાવેલ હતું. આ કામે ભોગ બનનાર અને આરોપી મળી આવતા ન હોય જેથી તેઓની કોલ ડીટેઈલ માટે નિયત નમુનામાં નોડેલ ઓફીસરશ્રીને મોબાઈલ નંબરની વિગત મેળવવા તજવીજ કરેલ જે આવી જતા તપાસના કામે તેઓએ સામેલ રાખેલ. ત્યારબાદ તપાસના કામે તેઓએ જે મુદામાલ કબ્જે કરેલ હતો તે એફ.એસ.એલ.ને તપાસણી અર્થે રવાનગી નોંધ તેઓના દ્ધારા તૈયાર કરવામાં આવેલ જે રવાનગી નોંધમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૮૧ થી રજુ રાખેલ છે. એફ.એસ.એલ.તરફથી મુદામાલ મળ્યા અંગેની પહોચ પાઠવવામાં આવેલ જે પહોચ આંક–૮૨ થી રજુ રાખેલ છે. એફ.એસ.એલ. તરફથી મુદામાલ પરીક્ષણ અહેવાલ તૈયાર થઈ ગયા બાદ ફોરવર્ડીંગ લેટરથી તેઓને અભિપ્રાય પાઠવવામાં આવેલ જે લેટર આંક–૮૩ થી રજુ રાખેલ છે. તથા બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ તથા સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ આ કામે આંક–૮૪ થી રજુ રાખેલ છે. મુદામાલ તપાસણી અર્થે એફએસએલ રવાનગી અંગેની નોધ અંગેનું પ્રમાણપત્ર બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૮૫ થી રજુ રાખેલ છે. એફ.એસ.એલ.તરફથી મુદામાલ મળ્યા અંગેની પહોચ પાઠવવામાં આવેલ જે પહોચ આંક–૮૬ થી રજુ રાખેલ છે. એફ.એસ.એલ. તરફથી મુદામાલ પરીક્ષણ અહેવાલ તૈયાર થઈ ગયા બાદ ફોરવર્ડીંગ લેટરથી તેઓને અભિપ્રાય પાઠવવામાં આવેલ જે લેટર આંક–૮૭ થી રજુ રાખેલ છે. તથા બાયોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ તથા સીરોલોજી વિભાગનો પરીક્ષણ અહેવાલ ઓળખી બતાવી આંક–૮૮ થી રજુ રાખેલ છે. ત્યારબાદ તપાસના કામે અન્ય ચાર આરોપીઓ મળી આવતા તેઓને અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ જે પૈકી આરોપી વિજયસિંહ ઝાલા નાઓએ ગુનામાં વપરાયેલ મોટર સાયકલ રજુ કરતા તે મોટર સાયકલ પંચનામાની વિગતે તપાસના કામે કબ્જે કરેલ હતું. તેમજ આરોપીઓને મુદત અંદર ના. કોર્ટમાં

રજુ કરેલ હતા. આ કામના તમામ આરોપીઓને તેઓ ઓળખે છે. ત્યારબાદ તપાસના કામે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ના. કોર્ટમાં તેઓએ ચાર્જશીટ કરેલ હતું.

**૨૮.૧** જયારે ઉલટતપાસમાં જણાવે છે કે ભોગબનનારનો જન્મનો દાખલો તપાસના કામે રજુ કરેલ નથી. આ કામે ભોગબનનારના જન્મના આધાર તરીકે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ મેળવેલ હતુ. બચાવપક્ષે ફરીયાદ બાબતે પુછતા તેઓના રૂબરૂ ફરીયાદ લેવાયેલ ન હોવાનું જણાવેલ છે. એવો સવાલ પુછેલ છે કે ટંકારા પો.સ્ટે.માં અરજીના કામે ભોગબનનાર હાજર થયા બાદ તેણી માતા પિતા સાથે ગયેલ ન હતી પરંતુ તેણીને વિકાસ વિધાલયમાં મોકલવામાં આવેલ તો તેના જવાબમાં જણાવેલ છે કે ભોગબનનાર અરજીના કામે ટંકારા પો.સ્ટે. ખાતે ટંકારા પોલીસ સ્ટે. લાવેલ ત્યારે સ્વેચ્છાએ ભોગબનનાર વિકાસ વિધાલય જવા માંગતા હોય તેના માતા પિતા બહારગામ હોય જેથી ટંકારા પો.સ્ટે. નાઓએ તેણીને વિકાસ વિધાલય મોકલેલ હતી. એ વાત સ્વીકારેલ છે કે ભોગબનનારના માતા જગદીશભાઇ નામના વ્યકિત સાથે મૈત્રીકરાર આધારે રહેતા હતા. એ વાતનો સ્વીકાર કરેલ છે કે ભોગબનનારને આરોપીઓએ જ્ઞાતિ પ્રત્યે કોઇની હાજરીમાં અપમાનીત કરેલ હોય તેવા સાહેદોના નીવેદનો લીધેલ નથી. આમ, સદરહુ તપાસ કરનાર અમલદાર નાઓ ઉલટતપાસની અન્ય હકીકતોમાં પોતાની સરતપાસની હકીકતોમાં ટકી રહે છે અને બાદમાં જણાવેલ છે કે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે.

**<u>મુદા નં. ૧ ની ચર્ચા :-</u>**

**૨૯.** સદર મુદો ભોગબનનારની ઉમર નિર્ધારણ અંગેનો છે. જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ની કલમ-૨(૧)(ડી) "બાળક" ને અઢાર વર્ષથી ઓછી ઉંમરના કોઈપણ વ્યક્તિ તરીકે વ્યાખ્યાયિત કરે છે. માટે, પોકસો કાયદા હેઠળ ભોગબનનાર રક્ષણ હેઠળ આવે છે કે કેમ

તે નક્કી કરવા માટે ઉંમર સ્થાપિત કરવી આવશ્યક છે. પોકસો એકટની કલમ–૩૪ હેઠળ બાળક દવારા ગુનાના આચરણના કિસ્સામાં અને બાળકની વય નિર્ધારણના કિસ્સામાં વિશેષ અદાલતની કાર્યરીતીની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઇ નીચે પ્રસ્તુત છે.

**Section 34. Procedure in case of commission of offence by child and determination of age by Special Court. –**

**(1)** Where any offence under this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2 of 2016).

**(2)** If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined by the Special Court after satisfying itself about the age of such person and it shall record in writing its reasons for such determination.

**(3)** No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a person as determined by it under sub-section (2) was not the correct age of that person.

**નામ. સર્વોચ્ચ અદાલતે જરનૈલ સિંહ વિરુદ્ધ હરિયાણા રાજ્ય, 2013 (7) 163 ના ચુકાદાવાળા** કિસ્સામાં, સગીર ભોગબનનારની ઉંમર નક્કી કરવાના વિષય પર વિચાર કરતી વખતે, કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને રક્ષણ) નિયમો, ૨૦૦૭ ( 'જે.જે. નિયમો ૨૦૦૭' ) ના નિયમ –૧૨ ના અવકાશનું વિશ્લેષણ કરી ઠરાવ્યું છે કે, ભલે નિયમ–૧૨ ફક્ત કાયદા

સાથે સંઘર્ષમાં રહેલા બાળકની ઉંમર નક્કી કરવા માટે જ લાગુ પડે છે, તેમ છતાં ઉપરોક્ત કાનૂની જોગવાઈ ભોગબનનાર બાળકની વય નક્કી કરવા માટેનાં આધાર સ્વરુપે લાગુ કરી શકાય છે.

**૨૯.૧** ઉલ્લેખનીય છે કે, 'જે.જે. નિયમો ૨૦૦૭' જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૮ ના સંદર્ભમાં બનાવવામાં આવ્યા હતા, જે જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) એક્ટ, ૨૦૧૫ દ્વારા રદ કરવામાં થયેલ છે અને તેને અનુરુપ જે.જે. એક્ટની કલમ ૩૪(૧) માં 'જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) એક્ટ, ૨૦૦૦' ના સ્થાને 'જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સુરક્ષા) એક્ટ, ૨૦૧૫' શબ્દો સાથે બદલીને સુધારો આપવામાં આવ્યો છે. માટે, ભોગબનનાની ઉંમર નક્કી કરવા માટે ઉકત ૨૦૧૫નાં કાયદાની કલમ –૯૪ ધ્યાને લેવી જરુરી બને છે. આ જોગવાઈ નિચે મુજબ છે.

**Section 94. Presumption and determination of age**

**(1)** Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

**(2)** In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining-

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;
(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;
(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:
Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

**(3)** The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

**૨૯.૨** રજુ પ્રકરણમાં ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૩ થી મનોજકુમાર ખેંગારભાઇ મકવાણા, ઇ.ચા. આચાર્ય શ્રી આર.એમ.દેસાઇ નાઓને આંક–૬૨ થી અદાલત સમક્ષ સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ પોતાના પુરાવામાં આંક–૬૫ થી ભોગબનનારનું શ્રી આર.એમ. દેસાઇ વિધાલય દશાવાડાનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની નકલ રજુ થયેલ છે. જેમાં ભોગબનનારની જન્મતારીખ ૧૯–૦૪–૨૦૦૮ નોંધાયેલ છે. તે જ રીતે સદરહુ સાહેદના પુરાવામાં આંક–૬૬ થી જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ રજુ થયેલ છે. જેમાં પણ ભોગબનનારની જન્મતારીખ ૧૯–૦૪–૨૦૦૮ નોંધાયેલ છે.

આમ ઉપરોકત ઇ.ચા. આચાર્ય શ્રી આર.એમ.દેસાઇ વિધાલય દશાવાડા દ્વારા રેકર્ડ પર રજુ રાખેલા ભોગબનનારના શાળા છોડયા બાબતના દાખલા પરથી એવી હકીકત સ્થાપીત થાય છે કે, ભોગબનનારની જન્મતારીખ ૧૯–૦૪–૨૦૦૮ છે.

**૨૯.૩** જયારે ફરીયાદપક્ષના અતિ મહત્વના સાહેદ ભોગબનનારનો આંક–૨૪ થી રજુ પુરાવો વંચાણે લેતા તેમાં ભોગબનનાર દ્વારા સ્પષ્ટપણે એવી હકીકત જણાવવામાં આવેલ છે કે " મારી જન્મતારીખ ૧૯–૦૪–૨૦૦૮ છે. " જયારે હાલનો બનાવ તા. ૧૩–૦૨–૨૦૨૪ ના રોજ બનવા પામેલ છે. જેથી એ બાબત સ્પષણપણે રેકર્ડ પર આવે છે કે બનાવ સમયે ભોગબનનાર સગીરવયના હતા. જયારે ભોગબનનારની બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ ભોગબનનાર બનાવ સમયે પુખ્ત વયની હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષના અન્ય સાહેદો જેમાં ફરીયાદી એટલેકે ભોગબનનારના માતાનો આંક–૨૦ થી રજુ મૌખીક પુરાવો વંચાણે લેતાં તેમાં જણાવેલ છે કે " મારી ભોગબનનાર દીકરીની જન્મ તારીખ ૧૯–૦૪–૨૦૦૮ છે. " આમ, ફરીયાદીનો પુરાવો ધ્યાનપુર્વક વંચાણે લેતા તેમાં પણ બનાવ સમયે ભોગબનનાર સગીરવયના હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પરથી જણાઈ આવે છે.

**૨૯.૪** ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ભોગબનનારની જન્મ તારીખ ૧૯–૦૪–૨૦૦૮ છે તે હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરી છે. જેથી ભોગબનનારની ઉમર કથીત બનાવ સમયે એટલે કે તા. ૧૩–૦૨–૨૦૨૪ ના અરસામાં ભોગબનનારની સગીરવયના હતા તેવી હકીકતો સાબીત થતી હોઈ, ભોગબનનાર પોકસો અધિનીયમ, ૨૦૧૨ની કલમ–૨(૧) (ડી) ના અર્થમાં બાળક હતી તે હકીકત પુરવાર થયેલ હોવાનું માનવાને કારણ જણાય છે. જેથી **મુદા નં. ૧ નો નિર્ણય "હકારાત્મક"** આપુ છુ.

**૩૦.** એ સુસ્થાપીત છે કે, જાતિય ગુનાઓ, બળાત્કારના કિસ્સામાં ભોગબનનારનો પુરાવો એ સર્વશ્રેષ્ઠ પુરાવો ગણાય છે. ભોગબનનારનો પુરાવો વિશ્વશનીય જણાય તો તેને કોઈ સમર્થનની જરુર નથી અને તેની એકમાત્ર જુબાનીના આધાર પર આરોપીને દોષીત ઠરાવી શકાય છે. " સ્ટરલીંગ સાક્ષી " કોને કહી શકાય તેની ચર્ચા નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા

Ganesan vs State Rep. By Its Inspector Of Police, 2020 SC 777, AIRONLINE ના ચુકાદામાં કરવામાં આવી છે. આ ચુકાદાના પારા નં. ૯.૨ તથા ૯.૩ નીચે મુજબ છે.

"9.2 In the case of **Krishan Kumar Malik v. State of Haryana (2011) 7 SCC 130**, it is observed and held by this Court that to hold an accused guilty for commission of an offence of rape, the solitary evidence of the prosecutrix is sufficient, **provided the same inspires confidence and appears to be absolutely trustworthy, unblemished and should be of sterling quality.**

9.3 Who can be said to be a **"sterling witness"**, has been dealt with and considered by this Court in the case of **Rai Sandeep alias Deepu v. State (NCT of Delhi), (2012) 8 SCC21.** In paragraph 22, it is observed and held as under:

> "22. In our considered opinion, the **"sterling witness"** should be of a very high quality and calibre whose version should, therefore, be unassailable. The court considering the version of such witness should be in a position to accept it for its face value without any hesitation. To **test the quality of such a witness, the status of the witness would be immaterial and what would be relevant is the truthfulness of the statement made by such a witness.** What would be more relevant would be the consistency of the statement right from the starting point till the end, namely, at the time when the witness makes the **initial statement and ultimately before the court. It should be natural and consistent** with the case of the prosecution qua the accused. There should not be any prevarication in the version of such a witness. The witness should be in a position to withstand the cross examination of any length and howsoever strenuous it may be and under **no circumstance** should **give room for any doubt as to the factum of the occurrence,** the persons involved, as well as the sequence of it. Such a **version should have corelation with each and every one of other supporting material**

such as the recoveries made, the weapons used, the manner of offence committed, the scientific evidence and the expert opinion. The said **version should consistently match with the version of every other witness.** It can even be stated that it should be akin to the test applied in the case of circumstantial evidence where there should not be any missing link in the chain of circumstances to hold the accused guilty of the offence alleged against him. Only if the version of such a witness qualifies the above test as well as all other such similar tests to be applied, can it be held that such a witness can be called as a "sterling witness" whose version can be accepted by the court without any corroboration and based on which the guilty can be punished. To be more precise, the version of the said witness on the core spectrum of the crime should remain intact while all other attendant materials, namely, oral, documentary and material objects should match the said version in material particulars in order to enable the court trying the offence to rely on the core version to sieve the other supporting materials for holding the offender guilty of the charge alleged."

**મુદા નં. ૨ ની ચર્ચા :-**

**૩૧.** ઉપરોકત સમગ્ર રજૂઆત અને દલીલો મુજબ આ તબકકે આ અદાલત જાતિય ગુનાથી બાળકના રક્ષણ અધિનિયમ-૨૦૧૨ ની જોગવાઈઓ તેનો હેતુ અને ઉદેશ્ય લક્ષમાં લેતા એક કુમળી વયની બાળકી ઉપર જાતિય અત્યાચાર આચરાયેલનો આ કેસ છે અને આ કાયદો ભોગ બનનનારનું જાતિય શોષણ કરતા આરોપીને અટકાવવા માટેનો છે.

**૩૧.૧** એકંદરે હાલના કેસમાં આરોપી નં. ૧ વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા સામે પોકસો એકટની જોગવાઈ મુજબના ગુનાનો ચાર્જ પણ રહેલ છે ત્યારે સદરહુ કાયદાની કાનૂની જોગવાઈ મુજબ જયારે આવી વ્યકિત સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી જે સ્પેશયલ પોકસો કોર્ટથી કરેલ છે ત્યારે આજ

કાયદાની કલમ–૨૯ અને ૩૦ નીચે મુજબ છે, જે હાથ પરના કેસમાં ખુબ જ મહત્વની જોગવાઈઓ રહેલી છે અને આવા ગુનાઓની સુનાવણી કરતી અદાલતથી નીચે મુજબના કાયદેસરના અનુમાનો પ્રોસીકયુશનના કેસના લાભમાં કરવાના છે જે નીચે મુજબ છે.

<u>**પોકસો એકટની કલમ–૨૯ અમુક ગુનાઓ અંગે માની લેવા બાબત.**</u>

જયાં કોઈ વ્યકિતને આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનૂની કાર્યવાહી કરવામાં આવે ત્યારે સ્પેશ્યલ કોર્ટ ધ્વારા જયાં સુધી તેનાથી વિરુધ્ધનું સાબીત કરવામાં ન આવે ત્યાં સુધી એવુ **માની લેવામાં આવશે કે, આવા વ્યકિતએ યથાપ્રસંગ, એવો ગુનો કરેલ છે,** દુષ્પ્રેરણ કરેલ છે, અથવા આવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.

<u>**પોકસો એકટની કલમ–૩૦ ગુનાહિત માનસિક સ્થિતિ અંગે માની લેવા બાબત.**</u>

**(૧)** આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટે કોઈ પણ ઈન્સાફી કાર્યવાહીમાં કે જેમાં આરોપીની ગુનાહિત માનસિક સ્થિતિ આવશ્યક હોય ત્યારે સ્પેશ્યલ કોર્ટ આવી **માનસિક સ્થિતિના અસ્તિત્વ અંગે અનુમાન કરશે.** પરંતુ **આરોપીને પોતાના બચાવમાં સાબિત કરવુ પડશે** કે તેની માનસિક સ્થિતિ સાથે તેની સામે ચલાવવામાં અવાતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મૂકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસિક સ્થિતિનો કોઈ સંબંધ રહેતો નથી.

**(૨)** આ અધિનિયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબિતી ત્યારે જ

ગણવામાં આવશે કે જયારે સ્પેશિયલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈપણ શંકા સિવાય આવું થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહિ જયારે તે બનવા હોવાની સંભાવનાની પ્રબળતા દ્વારા સ્થાપિત થયેલ હોય.

**૩૧.૨** હવે, આરોપી નં. ૧ વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા તથા આરોપી નં. ૨ વિજુભા ચેહુભા ઝાલા વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાઓ માટેની કાનૂની જોગવાઈ લક્ષમાં લઈએ તો, ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સિસ એકટ, ૨૦૧૨ ની કલમ–૫(એલ), ૬ મુજબના ગુનાનો આક્ષેપ છે, જેની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છે.

**૩૧.૩** ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી છે જેથી ઈ. પી. કો. કલમ–૩૭૫ માં આપેલ બળાત્કારની વ્યાખ્યામાં જયારે સ્ત્રી ૧૮ વર્ષથી નીચેની વયની હોય ત્યારે તેની સંમતિથી કે સંમતિ વિના કોઈપણ પુરુષ તેની સાથે સંભોગ કરે તો તેને બળાત્કાર ગણાશે તેમ દર્શાવેલ છે. એટલે કે, ૧૮ વર્ષથી નીચેની ભોગ બનનારની સંમતિ અસ્થાને છે. આમ, આઈ. પી.સી. કલમ ૩૭૫, જોતા...

**<u>ઈ.પી.કો. કલમ – ૩૭૫ બળાત્કાર :–</u>**

જે કોઈ પુરુષ નીચે જણાવેલ સાત સંજોગો પૈકીના કોઈ સંજોગો હેઠળ નીચે જણાવેલ કૃત્યો કરે તો તેણે બળાત્કાર કર્યો હોવાનું ગણાશે.

(ક) કોઈ સ્ત્રીના યોનિ માર્ગ, મુત્ર માર્ગ અથવા ગુદામાં ગમે તેટલા પ્રમાણમાં પોતાના શિશ્નનો પ્રવેશ કરાવે અથવા તે સ્ત્રી પાસે પોતાની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું વર્તન કરાવે અથવા

(ખ) કોઈ સ્ત્રીના યોનિમાર્ગ, મુત્રમાર્ગ, અથવા ગુદામાં ગમે તેટલા

પ્રમાણમાં કોઈ વસ્તુ અથવા શિશ્ન સિવાયનો શરીરનો કોઈ ભાગ દાખલ કરે અથવા તે સ્ત્રી પાસે પોતાની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવુ વર્તન કરાવે અથવા.

(ગ) કોઈ સ્ત્રીના યોનિમાર્ગ, મુત્રમાર્ગ, ગુદા અથવા શરીરના કોઈ ભાગમાં લિંગ પ્રવેશ કરાવવા માટે તેવી સ્ત્રીના શરીરનો કોઈ ભાગ હાથમાં લે અથવા તે સ્ત્રી પાસે પોતાની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવુ વર્તન કરાવે અથવા

(ઘ) કોઈ સ્ત્રીના યોનિમાર્ગ, ગુદા અથવા મુત્રમાર્ગમાં પોતાનું મોઢું અડાડે અથવા તે સ્ત્રી પાસે પોતાની સાથે અથવા બીજી કોઈ વ્યકિતની સાથે તેવુ વર્તન કરાવે.

પહેલો – તેણીની ઈચ્છા વિરૂધ્ધ.

બીજો – તેણીની સંમતિ વિરૂધ્ધ.

ત્રીજો – તેણી અથવા તેણીને જે વ્યકિતમાં રસ હોય તેવી કોઈ વ્યકિતને મૃત્યુનો અથવા ઈજા પહોંચાડવાનો ભય બતાવીને સંમતિ મેળવવામાં આવી હોય ત્યારે તેણીની સંમતિથી .

ચોથો – કોઈ પુરુષ એમ જાણતો હોય કે પોતે તે સ્ત્રીનો પતિ નથી અને તે સ્ત્રીએ પોતે પોતે જેની સાથે કાયદેસર રીતે પરણી હોય કે પોતે તે સ્ત્રીનો પતિ નથી અને તે સ્ત્રીએ પોતે જેની સાથે કાયદેસર રીતે પરણી હોય અથવા સ્ત્રીએ પોતે જેની સાથે કાયદેસર રીતે પરણી હોય અથવા પરણી હોવાનું માનતી હોય એવો અન્ય પુરુષ છે. એમ માનીને સંમતિ આપી હોય ત્યારે તેણીની સંમતિથી.

પાંચમો– મગજની અસ્થિરતાને અથવા નશાને કારણે અથવા તે પુરુષ દ્વારા જાતે અથવા અન્ય વ્યકિત મારફત બેહોશ બનાવે તેવો અથવા અશુધ્ધ પદાર્થ આપવાને કારણે, તેણી જેના માટે સંમતિ આપે છે તેના પ્રકાર અને પરીણામ સમજવાને અશક્તિમાન હોય, ત્યારે તેણીની સંમતિથી.

**છઠ્ઠો – તેણી અઢાર વર્ષથી ઓછી વયની હોય, ત્યારે તેણીની સંમતિથી અથવા તેણીની સંમતિ વિના**

સાતમો– જયારે તેણી સંમતિ આપવા અસમર્થ હોય.

**<u>સ્પષ્ટીકરણ –૧</u>**

આ કલમના હેતુઓ માટે "યોનિમાર્ગમાં લીબીયા મેજોરા"નો પણ સમાવેશ થાય છે.

**<u>સ્પષ્ટીકરણ –૨</u>**

જયારે કોઈ સ્ત્રી શબ્દો, ઈશારા અથવા બીજા કોઈ પણ સ્વરુપના શાબ્દીક અથવા બિનશાબ્દીકો વહેવાર દ્વારા કોઈ ચોકકસ જાતીય પ્રકારના કૃત્યમાં ભાગ લેવા માટેની ઈચ્છા જણાવે, ત્યારે સંમતિ એટલે સ્પષ્ટ સ્વૈચ્છીક સમજુતી. પરંતુ લિંગ પ્રવેશના કૃત્યનો શારીરિક રીતે પ્રતિકાર ન કરે તેવી સ્ત્રી એ માત્ર એ હકીકતના કારણે જ જાતીય પ્રવૃતિ માટેની સંમતિ આપી હોવાનું ગણાશે નહી.

**<u>અપવાદ – ૧</u>**

તબીબી કાર્યવાહી અથવા તબીબી કારણોસર કરવામાં આવેલી દરમ્યાનગીરી બળાત્કાર ગણાશે નહી.

**<u>અપવાદ – ૨</u>**

કોઈ પુરુષ પંદર વર્ષથી ઓછી વયની ન હોય તેવી પોતાની પત્ની સાથે જાતીય સંભોગ કરે અથવા જાતીય ક્રિયા કરે તો એ બળાત્કાર નથી.

**<u>ઇ.પી.કો. કલમ – ૩૬૩ અપહરણ કરવા માટે શિક્ષા :–</u>**

જે કોઇ વ્યકિત, બીજી કોઇ વ્યકિતનું ભારતમાંથી અથવા કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરે, તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને તે દંડને પણ પાત્ર થશે.

**ઈ.પી.કો. કલમ – ૩૬૬ કોઈ સ્ત્રીને લગ્ન વગેરે કરવાની ફરજ પાડવા માટે તેનું અપહરણ કરવા, અપનયન કરવા અથવા દબાણ કરવા બાબત :–**

જે કોઈ વ્યકિત, કોઈ સ્ત્રીને ઈચ્છા વિરુધ્ધ કોઈ વ્યકિત સાથે લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદાથી અથવા તેને ફરજ પાડવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતા અથવા તેને લગ્ન બાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાના અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતા તેનું અપહરણ કરે અથવા અપનયન કરે, તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે, અને તે દંડને પણ પાત્ર થશે. અને જે કોઈ વ્યકિત, કોઈ સ્ત્રીને અન્ય વ્યકિત સાથે લગ્નબાહ્ય સંભોગ કરવાની ફરજ પાડવાની અથવા તેમ કરવા માટે ફોસલાવવાના ઈરાદાથી અથવા તેમ કરવામાં આવશે એવો સંભવ હોવાનું જાણવા છતા તે સ્ત્રીને આ અધિનિયમમાં વ્યાખ્યા કર્યા મુજબની ધમકીથી અથવા અધિકારનો દુરુપયોગ કરીને અથવા બીજી કોઇ રીતે જબરજસ્તી કરીને અમુક સ્થળેથી જવા માટે દબાણ કરે, તેને પણ ઉપર જણાવ્યા મુજબની શિક્ષા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ – ૩૭૬ બળાત્કાર માટેની શિક્ષા :–**

(૧) જે કોઈ વ્યકિત પેટા કલમ – ૨ ની જોગવાઈ કરેલા કેસમાં હોય તે સિવાય બળાત્કાર કરે, તેને ઓછામાં ઓછી સાત વર્ષની મુદ્દત અને વધુમાં વધુ આજીવન કેદની બેમાંથી કોઈ પ્રકારની સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૨) જો કોઈ–

(જે) સ્ત્રી સંમતિ આપવા સક્ષમ ન હોય ત્યારે બળાત્કાર કરે, અથવા

(એન) તે જ સ્ત્રી પર વારંવાર બળાત્કાર કરે,

તો તેને, દસ વર્ષ કરતા ઓછી નહી હોય તેવી પરંતુ આજીવન કેદ સુધી એટલે તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધી લંબાવી શકાય તેવી સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૩) જે કોઈ સોળ વર્ષથી ઓછી ઉંમરની સ્ત્રી પર બળાત્કાર કરે છે, તેને વીસ વર્ષથી ઓછી ન હોય તેવી સખત કેદની સજા થશે, પરંતુ જે આજીવન કેદ સુધી વધી શકે છે, જેનો અર્થ તે વ્યક્તિના કુદરતી જીવનના બાકીના સમય માટે કેદ થશે, અને તે દંડને પણ પાત્ર થશે.

**પોકસો કલમ – ૫ ગંભીર પ્રવેશ જાતિય હુમલો :–**

**(એલ)** જે કોઇ, કોઇ બાળક ઉપર એકથી વધુ વખત અથવા વારંવાર પ્રવેશ જાતિય હુમલો કરે અથવા

**પોકસો કલમ – ૬ ગંભીર પ્રવેશ જાતિય હુમલા માટેની સજા :–**

(૧) જે કોઇ વ્યકિત, ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરે તેને વીસ વર્ષ કરતા, ઓછી ન ઓય તેવી પરંતુ, આજીવન એટલે, કે તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધી લંબાવી શકાય તેવી સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર પણ થશે અથવા મોતની શિક્ષા કરવામાં આવશે.

(૨) પેરા કલમ–(૧) હેઠળ લાદવામાં આવેલ દંડની રકમ ન્યાયી અને વ્યાજબી હોવી જોઇએ અને એવી રકમ ભોગબનનાર વ્યકિતના તબીબી ખર્ચ અને તેના પુન:વસનની પૂર્તી માટે ચૂકવવામાં આવશે.

**૩૨.** આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન ઉપરોકત કાનુની જોગવાઇઓ લક્ષમાં રાખી નીચે મુજબ કરવામાં આવે છે.

**ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન :–**

**૩૩.** સદરહુ સાહેદ–ફરિયાદીનો પુરાવો લક્ષમાં લેતાં, બનાવ સમયે તેણીની દીકરી ભોગબનનાર કયાં, કોની સાથે હતી તેનો વિગતવારનો પુરાવો આપ્યો છે. જે પુરાવો ફરીયાદ તથા ફરીયાદપક્ષના કેસની હકીકતો સાથે સુસંગત છે. ભોગબનનાર મળી આવેલી તે વખતે ભોગબનનારે તેને બનાવની હકીકતો જણાવી હતી તેવો પણ ફરીયાદીએ સ્પષ્ટ પુરાવો આપ્યો છે. બચાવપક્ષ તર્ફે ફરીયાદીની ઉલટતપાસ જોતાં, બચાવ પક્ષે પુછવામાં આવેલ તમામ સવાલોનો ઈન્કાર્યતમાં જ જવાબ આપેલ છે અને એ બાબતનો ઈન્કાર કરેલ છે કે તેણીની દીકરીની જે તે વખતે ઉમર ૧૮ વર્ષની હતી તથા આરોપીઓએ કોઇ શરીરસંબંધ બાંધેલ નથી. એ હકીકત પણ અહી નિર્વીવાદીત રહી ફરીયાદીના પુરાવાથી ફરીયાદની વિગતો પુરવાર થાય છે કે આરોપી નં. ૧ વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા નાઓએ તેઓની ભોગબનનાર દીકરી સાથે પરાણે શરીરસંબંધ બાંધેલ છે. આમ, સદરહુ ફરિયાદીના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને સમર્થન સાપડેલ છે.

**ભોગબનનારના પુરાવાનું મુલ્યાંકન :–**

**૩૪.** ભોગબનનારના સોગંદ પરના પુરાવાને લક્ષમાં લેવામાં આવે તો તેણીએ આક્ષેપિત બનાવ અંગે સ્પષ્ટ, સુસંગત, વિગતવાર તથા વિશ્વસનીય જુબાની આપી છે. તેણીએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે આરોપી નં. ૧ વનરાજસિંહે તેણીનો સંપર્ક કરી હળવદ આવવા જણાવ્યું હતું તથા પોતે અને તેનો મિત્ર વિજુભા ઉર્ફે વિજય તેણીને લેવા આવશે તેવી ખાતરી આપી હતી. તે અનુસાર ભોગબનનાર હળવદ પહોંચી, જ્યાંથી આરોપી નં. ૧ વનરાજસિંહ તથા આરોપી નં. ૨ વિજુભા ઉર્ફે વિજય તેણીને મોટરસાયકલ ઉપર વિજયના ઘરે લઈ ગયા અને ત્યારબાદ અમદાવાદ ખાતે પહોંચ્યા હતા. ત્યારપછી તેણીને ધુમાસણ ગામે આવેલ રસીકભાઈની

વાડીએ આશરે ચારથી પાંચ દિવસ સુધી રાખવામાં આવી હતી. તે દરમિયાન આરોપી નં. ૧ વનરાજસિંહે તેણીની ઇચ્છા વિરુદ્ધ તથા બળજબરીપૂર્વક ચારથી પાંચ વખત શરીરસંબંધ બાંધ્યો હોવાનું તેણીએ સ્પષ્ટ રીતે પોતાના સોગંદ પર જણાવ્યું છે.

આરોપી નં. ૨ વિરુધ્ધ મદદગારી સંબંધીત આક્ષેપ રહેલ છે અને તેણીને તેના વાલીપણામાંથી ભગાડી લઇ જઇ લગ્ન કરવાની લાલચ આપી આરોપી નં. ૧ કાયદેસરના વાલીપણામાંથી લઇ ગયેલ હોય અને આરોપી નં. ૨ સાથે મળી અપહરણ કરેલ હોય તેવો આક્ષેપ છે. પરંતુ આ કામે આરોપી નં. ૨ ને આરોપી નં. ૧ લગ્ન કરવાની લાલચ આપી લઇ ગયેલ હોય તેવી કોઇ હકીકત પુરાવાથી ફલીત થતી નથી. વધુમાં ભોગબનનારની જુબાની જોતા તેણીએ એવુ જણાવેલ છે કે તેઓ ઘરેથી નીકળી હળવદ ચાર રસ્તા સુધી આવેલ તે આરોપી નં. ૧ ના કહેવાથી લગ્નની લાલચ આપી તેણી આવેલ છે તેવી હકીકત આરોપી નં. ૨ ની જાણમાં હતી નહી. વધુમાં ફરીયાદમાં પણ તેવુ અજાણ્યા ટ્રકમાં બેસી ગયેલ છે તે સમયે પણ આરોપી નં. ૨ નાને તેણી આરોપી નં. ૧ લગ્ન કરવાની લાલચ આપીને બોલાવે છે તેવુ જણાવેલ નથી અને ફરીયાદમાં માત્ર આરોપી નં. ૧ સાથે ગયેલ હોવાનું જણાવેલ છે. આરોપી નં. ૨ લગ્નની હકીકત જણાવેલ નથી અને આરોપી નં. ૧ વનરાજનો ફોન આવેલ કે લગ્ન કરવા છે તે માટે તેડવા આવે છે જે હકીકતની જાણ પણ આરોપી નં. ૨ ને હોય તેવુ સ્પષ્ટપણે રેકર્ડ પરથી ફલીત થતુ નથી. વળી આરોપી નં. ૨ નાને ભોગબનનાર સગીર ઉમરની હોવા છતા આરોપી નં. ૧ તેની સાથે શારીરીક સંબંધ બાંધવાના એકમાત્ર કારણસર તેણીનું અપહરણ કરેલ હોય તેવુ પણ અગાઉથી આરોપી નં. ૨ ની જાણમાં હોવાનું પણ ફલીત થતુ નથી. આમ, આરોપી નં. ૨ વિરુધ્ધ પોતાનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ પરથી ફલીત થાય છે.

બચાવપક્ષ દ્વારા હાથ ધરવામાં આવેલી વિસ્તૃત ઉલટતપાસનું અવલોકન કરતાં એવું સ્પષ્ટ ફલિત થાય છે કે આરોપીઓની ઓળખ અંગે કોઈ અસરકારક વિવાદ કે પડકાર કરવામાં આવ્યો નથી. એટલું જ નહીં, આરોપીઓના વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં પણ આરોપી નં. ૧ નાઓએ ભોગબનનાર સાથે ધુમાસણ ગામે બળજબરીપૂર્વક શરીરસંબંધ બાંધ્યાના મુખ્ય આક્ષેપનું કોઈ અસરકારક ખંડન કરવામાં આવ્યું નથી અને ન તો ભોગબનનારની જુબાનીને અવિશ્વસનીય ઠરાવે તેવો કોઈ વિરોધાભાસ દર્શાવવામાં આવ્યો છે. તેથી વિશેષ ભોગબનનારે પોતાના સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના વિશેષ નિવેદનમાં પણ આરોપી નં. ૧ દ્વારા તેણીની સાથે શરીરસંબંધ બાંધેલ હોવાની હકીકતને વળગી રહેલ છે. આમ, ભોગબનનારની સમગ્ર જુબાનીનું સમસ્ત રીતે મૂલ્યાંકન કરતાં તે સ્વાભાવિક, સુસંગત, વિશ્વસનીય તથા વિશ્વાસપાત્ર જણાય છે. તેણીની જુબાની પરથી નિઃશંકપણે એ હકીકત સ્થાપિત થાય છે કે આરોપી નં. ૧ વનરાજસિંહે ધુમાસણ ગામે આવેલ વાડીમાં ભોગબનનારની સંમતિ વિના બળજબરીપૂર્વક તેણી સાથે વારંવાર શરીરસંબંધ બાંધ્યો હતો. આથી ભોગબનનારના સોગંદ પરના વિશ્વસનીય પુરાવાના આધારે આરોપી નં. ૧ વિરુદ્ધના આક્ષેપો સ્પષ્ટપણે પુરવાર થતાં હોવાનું ફલિત થાય છે.

**<u>મેડીકલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**૩૫.** સદર કામે ફરીયાદપક્ષે સાહેદ નં. ૩ થી ભોગબનનારની શારીરીક તપાસણી કરનાર ડો. ધ્રુવી જીતેન્દ્રભાઇ પુજારાને આંક–૨૭ થી તપાસેલ છે. તેઓની રૂબરૂ ભોગબનનારે એવી હીસ્ટ્રી જણાવેલ છે " હું કોઈપણ પ્રકારના દબાણમાં આવ્યા વગર જણાવુ છું કે આરોપી વનરાજ બચુભાઈ ઝાલાને આજથી લગભગ દોઢ થી બે મહિના પહેલા મારા મમ્મી સાથે કામની શોધમાં આરોપીના ભાઈ દોલુભા બચુભા ઝાલાના ઘરે (ધુમાસણ) ચાર દિવસ રહેવાનું થયું ત્યારે ઓળખાણ પડેલી અને હું મારી ઈચ્છાથી તેમની સાથે

વાતો કરતી ત્યારબાદ ચાર દિવસ પછી ગોરખીજડીયા પરત ફરીને અવાર નવાર હું મારી મરજીથી મારા મમ્મીના ફોનમાંથી વાતચીત કરતી હતી તા. ૧૩/૦૨/૨૦૨૪ના રોજ બપોરના બાર વાગ્યે હું મારી મરજીથી આરોપી સાથે મોટર સાયકલમાં ભાગી હતી. મોરબીથી હળવદ ગયા થતા સાંજ સુધી ઘુમાસણ આરોપીના ઘરે ગયા ત્યા બધી વાતની જાણ આરોપીના મમ્મી પપ્પાને કરેલ હતી. ત્યા રોજ હું મારી મરજીથી આરોપી સાથે સંબંધ રાખતી હતી. સંબંધ દરમ્યાન નિરોધ નો ઉપયોગ કરતા હતા. ચાર દિવસ ઘુમાસણ રોકાયા બાદ રોજવા ગામે મારી મરજી વિરુધ્ધ આરોપી તથા આરોપીના મમ્મી પપ્પાએ ફુલહાર વડે લગ્ન શક્તિમાના મંદીરમા કર્યા. ત્યારબાદ ઘુમાસણ પાછા આવ્યા ત્યારથી એક મહિનો ઘુમાસણ રોકાયા આ દરમ્યાન અમે અવાર નવાર સંબંધ રાખતા હતા. તથા સંબંધ દરમ્યાન નિરોધ નો ઉપયોગ કરતા હતા. ત્યારબાદ આજથી દશ દિવસ પહેલા ઘુમાસણ ગામથી પોલીસે મને અને આરોપીને ટંકારા પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. ત્યારબાદ મને વિકાસ વિદ્યાલયમાં ચાર દિવસ રાખેલ અને ત્યારબાદ હું મારી મમ્મી સાથે ગયેલ. ત્યારબાદ આજ રોજ તા.૩૦/૦૩/૨૦૨૪ બપોરના એક વાગ્યે મને સરકારી દવાખાને મોરબી તપાસ કરવામાં લાવેલ છે. "

**૩૫.૧** સદરહુ મેડિકલ ઓફિસરના પુરાવાનું અવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે, ભોગ બનનારને તેમની સમક્ષ શારીરિક તપાસણી અર્થે રજૂ કરવામાં આવેલ હતા. મેડિકલ ઓફિસરે ભોગ બનનારની જરૂરી શારીરિક તપાસણી હાથ ધરી હતી તથા તેમની ફરજના ભાગરૂપે કરવામાં આવેલ તમામ તબીબી કાર્યવાહી અંગે અદાલત સમક્ષ વિગતવારનો પુરાવો આપેલ છે. તબીબી સાહેદે ભોગ બનનારની તપાસણી દરમિયાન થયેલ કાર્યવાહી, નોંધાયેલ તબીબી હકીકતો તથા બનાવ સાથે સંબંધિત અન્ય તબીબી વિગતો અંગે અદાલત સમક્ષ સ્પષ્ટ અને સુસંગત પુરાવો રજૂ કરેલ છે. આમ, તબીબી સાહેદનો પુરાવો માત્ર ભોગ બનનારની શારીરિક તપાસણી સુધી મર્યાદિત ન રહેતા, બનાવને સાંકળતી તબીબી હકીકતોને પણ સમર્થન આપતો હોવાનું

જણાય છે. તબીબી સાહેદના અદાલત સમક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતાં, તેમનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને પુષ્ટિ આપનાર અને ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થનાર હોવાનું માનવા માટે પૂરતું કારણ જણાય છે.

**૩૬.** સદર કામે ફરીયાદપક્ષે સાહેદ નં. ૪ થી આરોપીની શારીરીક તપાસણી કરનાર ડો. યશ્વી નિલેશભાઇ કુલતરીયાને આંક-૩૨ થી તપાસેલ છે. તેઓની રૂબરૂ આરોપીએ એવી હીસ્ટ્રી જણાવેલ છે " પ્રથમવાર મુલકાત આશરે બે મહિના પહેલા ઘુમાસણમાં મારા ઘરે થયેલ. ૫ દિવસ બાદ મોરબી આવ્યાના દિવસે જ પિડીતાનો મને ફોન આવ્યો. પોતાને લઇ જવા માટે. ત્યારબાદ ૩-૪ દિવસ પછી પીડીતા એકલી ધુમાસણ મારા ઘરે આવી. છોકરી ૧ મહીનો મારા ઘરે રહી. આ દરમ્યાન ૯-૧૦ વખત બંનેની મરજીથી શારીરીક સંબંધ બંધાયો. છેલ્લીવાર શારીરીક સંબંધ ૨૫ દિવસ પહેલા બંનેની મરજીથી બંધાયો."

**૩૬.૧** સદરહુ મેડિકલ ઓફિસરના પુરાવાનું અવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે, આરોપીને તેમની સમક્ષ શારીરિક તપાસણી અર્થે રજૂ કરવામાં આવેલ હતા. મેડિકલ ઓફિસરે આરોપીની જરૂરી શારીરિક તપાસણી હાથ ધરી હતી તથા તેમની ફરજના ભાગરૂપે કરવામાં આવેલ તમામ તબીબી કાર્યવાહી અંગે અદાલત સમક્ષ વિગતવારનો પુરાવો આપેલ છે. તબીબી સાહેદ સમક્ષ ખુદ આરોપી દ્વારા એ હકીકતને સ્વીકૃત રાખવામાં આવેલ છે કે તેઓએ ભોગબનનાર સાથે મરજીથી શારીરીક સંબંધ બાંધેલ છે જે હકીકત જ સામાન્ય પણે એ હકીકત સુચવે છે કે આરોપી પોતે ભોગબનનાર સગીરવયની હોવાનું સારી રીતે જાણતો હોવા છતા તેણીની સાથે શારીરીક સંબંધ જેવુ ગંભીર કૃત્ય આદરેલ છે. આમ, તબીબી સાહેદના અદાલત સમક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતાં, તેમનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને પુષ્ટિ આપનાર અને ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થનાર હોવાનું માનવા માટે પૂરતું કારણ જણાય

છે.

<u>**પંચ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન :–**</u>

**૩૭.** ફરિયાદપક્ષ તરફથી આંક–૪૦ થી ભોગ બનનારના કપડાં કબજે કરવા અંગેનું પંચનામું દસ્તાવેજી પુરાવા તરીકે રજુ કરવામાં આવેલ છે. સદરહુ પંચનામાની હકીકતોને પુરવાર કરવા ફરિયાદપક્ષ તરફથી આંક–૩૯ થી સાહેદ નં. ૦૫ વિજયસિંહ પ્રવિણસિંહ પરમારને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાના મૌખિક પુરાવામાં આંક–૪૦ થી રજુ થયેલ ભોગ બનનારના કપડાં કબજે કરવા અંગેના પંચનામામાં પંચ નં. ૧ તરીકે કરેલ પોતાની સહીને ઓળખી બતાવી છે. વધુમાં, સદરહુ સાહેદે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભોગ બનનાર તથા તેની માતા, એટલે કે ફરિયાદીની હાજરીમાં ભોગ બનનારના કપડાં કબજે કરવામાં આવેલ હતા. પંચસાહેદના પુરાવામાં પંચનામાની હકીકતો અંગે કોઈ એવી મહત્વપૂર્ણ વિસંગતિ કે વિરોધાભાસ રેકર્ડ પર આવેલ નથી, જેના કારણે સદરહુ દસ્તાવેજની વિશ્વસનીયતા ઉપર શંકા ઉપસ્થિત થાય. પરિણામે, ભોગ બનનારના કપડાં કાયદેસરની કાર્યવાહી અન્વયે કબજે કરવામાં આવેલ હોવાની હકીકતને પંચસાહેદના મૌખિક પુરાવાથી પૂરતું સમર્થન પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત, ભોગ બનનારે પણ આંક–૨૪ વાળા પોતાના અદાલત સમક્ષના મૌખિક પુરાવામાં પોતાની પાસેથી કબજે કરવામાં આવેલ મુદામાલના કપડાંને ઓળખી બતાવેલ છે.

આમ, આંક–૪૦ નું પંચનામું, પંચસાહેદ વિજયસિંહ પ્રવિણસિંહ પરમારનો મૌખિક પુરાવો તથા ભોગ બનનાર દ્વારા મુદામાલ કપડાંની કરવામાં આવેલ ઓળખ જે તમામ પુરાવાઓ પરસ્પર સુસંગત અને એકબીજાને પુષ્ટિ આપતા જણાય છે. આમ, ભોગ બનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું તથા તે અંગેનો પંચસાહેદનો મૌખિક પુરાવો, ભોગ બનનારની મુદામાલની ઓળખ જે તમામ પુરાવાઓ સંયુક્ત રીતે જોવામાં

આવે તો, ફરિયાદપક્ષના કેસની હકીકતોને નોંધપાત્ર રીતે પુષ્ટિ આપતા પુરાવા તરીકે સુસંગત જણાઈ આવે છે. સદરહુ પુરાવા દ્વારા બનાવની હકીકત તેમજ તપાસ દરમિયાન ભોગ બનનાર પાસેથી સંબંધિત મુદામાલ કપડાઓ કાયદેસર રીતે કબજે કરવામાં આવેલ હોવાની પરિસ્થિતિને સમર્થન પ્રાપ્ત થાય છે.

**૩૮.** ફરિયાદપક્ષ તરફથી સાહેદ નં. ૦૬ ભરતભાઈ ભાણાભાઈ ગોલતર નાઓને આંક–૪૪ થી તથા સાહેદ નં. ૧૧ હસમુખભાઈ ખોડાભાઈ પાંચીયા નાઓને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે. પરંતુ, બંને પંચસાહેદોએ અદાલત સમક્ષ આપેલ પોતાના મૌખિક પુરાવામાં આંક–૪૫ થી રજુ થયેલ સ્થાનિક જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે જ રીતે સાહેદ નં. ૦૭ રસીકભાઇ ગોરધનભાઇ પટેલ નાઓને આંક–૪૭ તથા સાહેદ નં. ૦૮ જીલુજી સોમાજી ઠાકોર નાઓને આંક–૪૯ થી તપાસવામાં આવેલ છે. પરંતુ, બંને પંચસાહેદોએ અદાલત સમક્ષ આપેલ પોતાના મૌખિક પુરાવામાં આંક–૪૮ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે જ રીતે સાહેદ નં. ૦૯ મહેશભાઇ પોપટભાઇ ભોજવીયા નાઓને આંક–૫૦ થી તથા સાહેદ નં. ૧૦ ઇરફાન રફીકભાઇ સમા નાઓને આંક–૫૪ થી તપાસવામાં આવેલ છે. પરંતુ, બંને પંચસાહેદોએ અદાલત સમક્ષ આપેલ પોતાના મૌખિક પુરાવામાં આંક–૫૧ થી રજુ થયેલ આરોપીના અટક પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. તે જ રીતે સાહેદ નં. ૧૨ અજીતભાઇ નાગજીભાઇ માલકીયા નાઓને આંક–૫૯ થી તથા સાહેદ નં. ૧૪ વિવેક કિશોરભાઇ ધોળકીયા નાઓને આંક–૭૦ થી તપાસવામાં આવેલ છે. પરંતુ, બંને પંચસાહેદોએ અદાલત સમક્ષ આપેલ પોતાના મૌખિક પુરાવામાં આંક–૬૦ થી રજુ થયેલ વાહન કબજે કર્યા અંગેના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે.

આમ, સદરહુ તમામ પંચસાહેદો પોતાના અગાઉના પોલીસ સમક્ષના નિવેદન તથા પંચનામાની હકીકતોને અદાલત સમક્ષ સમર્થન આપવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી અત્રેની અદાલત દ્વારા તેમને વિમુખ જાહેર કરવામાં આવેલ છે. જોકે, માત્ર કોઈ સાહેદને વિમુખ જાહેર કરવામાં આવેલ હોવાના કારણે તેના સમગ્ર પુરાવાને યાંત્રિક રીતે અવગણવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ અત્રે તમામ પંચસાહેદોએ પંચનામાની મૂળભૂત હકીકતો અંગે કોઈ સમર્થન આપેલ નથી અને માત્ર પોતાની સહીની ઓળખ પૂરતી હકીકત જ સ્વીકારેલ છે. વધુમાં, તમામ પંચસાહેદોની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ દરમિયાન તમામે એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે પોલીસ અધિકારીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ લખાણ ઉપર સહી કરવા જણાવવામાં આવતાં તેમણે સહી કરેલ હતી. સદરહુ કબૂલાતને ધ્યાનમાં લેતા આંક-૪૫ થી રજુ થયેલ સ્થાનિક જગ્યાના પંચનામામાં, આંક-૪૮ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામામાં, આંક-૫૧ થી રજુ થયેલ આરોપીના અટક પંચનામામાં, આંક-૬૦ થી રજુ થયેલ વાહન કબજે કર્યા અંગેના પંચનામામાં નોંધાયેલ હકીકતો અંગે તેમની વ્યક્તિગત જાણકારી તથા પંચનામાની અમલવારી અંગેનો તેમનો સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ રહેતો નથી. આ પરિસ્થિતિમાં, માત્ર પંચનામા ઉપર પંચસાહેદોની સહી હોવાના આધારે પંચનામામાં નોંધાયેલ તમામ હકીકતો આપોઆપ સાબિત થયેલ હોવાનું માની શકાય નહીં. પંચસાહેદોએ પંચનામાની વિષયવસ્તુ તથા તેની અમલવારી અંગે અદાલત સમક્ષ કોઈ સમર્થન આપેલ નથી અને વિપરીત રીતે, પોલીસ દ્વારા તૈયાર કરાયેલ લખાણ ઉપર સહી કર્યાની હકીકત સ્વીકારેલ છે. તેથી, ઉપરોકત ચર્ચા કરેલ પંચનામાની હકીકતોને પુરવાર કરવા માટે સદરહુ તમામ પંચસાહેદોનો પુરાવો ફરિયાદપક્ષ માટે કોઈ નોંધપાત્ર સહાયક કે પુષ્ટિકારક પુરાવો બની રહેતો નથી. આમ, સદરહુ તમામ પંચસાહેદોના મૌખિક પુરાવાનું સમગ્ર મૂલ્યાંકન કરતાં તેઓ તમામે

પંચનામાની મૂળભૂત હકીકતોને સમર્થન આપતા નથી. પરિણામે, માત્ર તેમની સહીની ઓળખના આધારે આંક–૪૫, આંક–૪૮, આંક–૫૧ અને આંક–૬૦ ના પંચનામામાં સમાવિષ્ટ હકીકતોને સાબિત થયેલ ગણાવી શકાય નહીં. તેથી, સદરહુ તમામ પંચનામાની બાબતમાં ફરિયાદપક્ષને તમામ પંચસાહેદોના પુરાવાથી કોઈ સ્વતંત્ર અથવા વિશ્વસનીય સમર્થન પ્રાપ્ત થતું નથી.

**<u>પોલીસ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**૩૯.** સદર કામે ફરિયાદપક્ષ તરફથી સાહેદ નં. ૧૫ તરીકે ફરિયાદ દાખલ કરનાર અમલદાર ઈન્દ્રવદન મોતીલાલ અજમેરી નાઓને આંક–૭૧ થી તથા સાહેદ નં. ૧૬ તરીકે ફરિયાદ લેનાર અમલદાર નરેન્દ્રકુમાર રણજીતસિંહ મકવાણા નાઓને આંક–૭૫ થી તથા સાહેદ નં. ૧૭ તરીકે તપાસ કરનાર અમલદાર પ્રતિપાલસિંહ અજીતસિંહ ઝાલા નાઓને આંક–૭૭ થી અદાલત સમક્ષ તપાસવામાં આવેલ છે. સદરહુ તમામ સાહેદો સંબંધિત સમયે ફરજ પરના જવાબદાર અમલદારો તરીકે કાર્યરત હતા અને તેઓએ પોતાની ફરજના અનુસંધાને કરેલ કાર્યવાહી અંગે અદાલત સમક્ષ મૌખિક પુરાવો આપેલ છે.

વધુમાં, તેમની ઉલટતપાસમાંથી પણ ફરિયાદ નોંધવાની તથા સંબંધિત સત્તાવાર કાર્યવાહી કરવાની હકીકતને મૂળભૂત રીતે ખંડિત કરતી કોઈ નોંધપાત્ર હકીકત બહાર આવેલ હોવાનું જણાતું નથી. અત્રે એ પણ નોંધનીય છે કે સદરહુ તમામ સાહેદો બનાવના પ્રત્યક્ષદર્શી સાહેદો તરીકે નહીં, પરંતુ ફરિયાદ દાખલ તથા ફરિયાદ સ્વીકારવા/નોંધવા તથા ગુનાની તપાસ અંગેની સત્તાવાર કાર્યવાહી કરનાર અમલદારો તરીકે તપાસવામાં આવેલ છે. તેથી, તેમના પુરાવાની કસોટી પણ તેઓએ પોતાની સત્તાવાર ફરજના ભાગરૂપે કઈ કાર્યવાહી કરી અને તે કાર્યવાહી રેકર્ડ મુજબ નિયમસર

કરવામાં આવી કે કેમ, તે મર્યાદામાં કરવાની રહે છે. તે દ્દષ્ટિએ, સદરહુ તમામ અમલદારોની જુબાની ફરિયાદની નોંધણી તથા તે અંગે થયેલ પ્રારંભિક સત્તાવાર કાર્યવાહી પૂરવાર કરવા માટે સંબંધિત અને ઉપયોગી પુરાવો બની રહે છે. આમ, સાહેદ નં. ૧૫, ૧૬ તથા ૧૭ ના અદાલત સમક્ષના મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરતાં, તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ સત્તાવાર કાર્યવાહી અંગે વિશ્વસનીય અને સુસંગત પુરાવો આપેલ હોવાનું જણાય છે.

**૪૦.** આમ, ઉપરોક્ત રીતે કરવામાં આવેલ સમગ્ર અને વિગતવાર પુરાવાકીય ચર્ચા, રેકર્ડ પર ઉપલબ્ધ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું પરસ્પર મૂલ્યાંકન અને સમગ્ર કેસની હકીકતોને એકસાથે ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આરોપી નં. ૧ વિરુધ્ધ કરવામાં આવેલ આક્ષેપોને વિશ્વસનીય, સુસંગત તથા પુરાવાથી સાબિત કરવામાં સંપૂર્ણપણે સફળ રહેલ હોવાનું અત્રેની અદાલતનું તારણ છે. ફરિયાદપક્ષના સમગ્ર પુરાવામાંથી એ હકીકત સ્પષ્ટપણે અને વિશ્વસનીય રીતે સ્થાપિત થાય છે કે આરોપી નં. ૧ એ ફરિયાદીની સગીર વયની દીકરી એટલે કે ભોગ બનનારને લલચાવી–ફોસલાવી તથા તેની સાથે લગ્ન કરવાની લાલચ/ખાતરી આપી, ભોગ બનનારને ફરિયાદીની કાયદેસરની સંભાળમાંથી દૂર લઈ જઈ તેનું અપહરણ કરેલ છે. વધુમાં, રેકર્ડ પર ઉપલબ્ધ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓના સંયુક્ત મૂલ્યાંકનથી આરોપી નં. ૧ દ્વારા ભોગ બનનાર સાથે વારંવાર શરીરસંબંધ બાંધવામાં આવેલ હોવાની હકીકત પણ ફરિયાદપક્ષ દ્વારા વિશ્વસનીય રીતે સ્થાપિત થયેલ હોવાનું જણાય છે. જેથી **<u>મુદા નં. ૨ નો નિર્ણય " અંશત: હકારાત્મક"</u>** આપુ છુ.

**<u>મુદા નં. ૩ ની ચર્ચા :–</u>**

**૪૧.** સદર મુદો આ કામેના તમામ આરોપીઓએ ભોગબનનારને જાતીપ્રત્યે અપમાનજનક શબ્દો બોલી હડધુત કરી એકબીજાને મદદગારી કરી એટ્રોસીટી

એકટ કલમ- ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫), ૩(૨)(૫–એ), ૩(૧)(ડબલ્યુ)(આઈ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે કે કેમ તે નિર્ધારણ અંગેનો છે. આરોપીઓ ઉપર આક્ષેપિત અનુસુચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫), ૩(૨)(૫–એ), ૩(૧)(ડબલ્યુ)(આઈ) ના આવશ્યક તત્વો ધ્યાને લેવામાં આવે તો....

**<u>અનુસુચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ કલમ – ૩(૧)(આર)(એસ) :–</u>**

**(આર)** જાહેરમાં કોઈપણ સ્થળે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના કોઈપણ સભ્યને ઉતારી પાડવાના ઈરાદાથી જાણીજોઈને અપમાન કરે અથવા ડરાવે,

**(એસ)** જાહેરમાં કોઇપણ સ્થળે અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિના કોઇ સભ્યને જ્ઞાતિના નામજોગ અપશબ્દો બોલે.

**<u>અનુસુચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ કલમ – ૩(૨)(૫) :–</u>**

કોઈ વ્યકિત અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિનો સભ્ય છે અથવા જે તે મીલકત તેવા સભ્યની માલીકીની છે તેમ જાણીને તેવી કોઇ સભ્યની માલીકીની છે એ કારણસર તેવી વ્યકિત કે મીલકત વિરુધ્ધ, દસ વર્ષની મુદતની અથવા વધુ મુદતની કેદની સજાને પાત્ર ભારતના ફોજદારી અધિનીયમ હેઠળનો કોઇ ગુનો કે તેને, આજીવન કેદની અને દંડની શિક્ષા થશે.

**<u>અનુસુચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ કલમ – ૩(૨)(૫–એ) :–</u>**

કોઈ વ્યકિત અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિનો સભ્ય છે અથવા જે તે મીલકત તે સભ્યની છે તેવું જાણવા છતા પણ તેવી વ્યકિત અથવા તે મીલકત વિરુધ્ધ અનુસૂચિમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરે તો તે વ્યકિત તેવા ગુના માટે ઈન્ડીયન પેનલ કોડમાં દર્શાવેલ સજાને પાત્ર અને દંડને પાત્ર પણ ઠરશે.

**<u>અનુસુચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ કલમ – ૩(૧)(ડબલ્યુ)(i) :–</u>**

અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિની કોઇ સ્ત્રીને તે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિની સ્ત્રી છે તેવું જાણવા છતા ઈરાદાપુર્વક તે સ્ત્રીની સંમતિ વગર કામુકભાવથી સ્પર્શ કરે.

**આરોપી નં. ૧ પૂરતુ મુલ્યાંકન :–**

**૪૨.** હવે આરોપી નં. ૧ વિરુદ્ધ ઘડવામાં આવેલ એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર) તથા ૩(૧)(એસ) અંગે વિચારણા કરવામાં આવે તો, ઉક્ત જોગવાઈઓના આવશ્યક તત્વો ફરિયાદપક્ષે શંકાથી પર સાબિત કરવાના રહે છે. કલમ ૩(૧)(આર) મુજબ આરોપીએ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્યને ઈરાદાપૂર્વક અપમાનિત અથવા ધમકાવી, તેને તેની જાતિના કારણે અપમાનિત કરવાનો આશય રાખેલો હોવો જોઈએ અને તે કૃત્ય જાહેર દૃષ્ટિમાં થયેલું હોવું આવશ્યક છે. જ્યારે કલમ ૩(૧)(એસ) માટે અનુસૂચિત જાતિ/જનજાતિના સભ્યને તેની જાતિના કોઇ સભ્યને જ્ઞાતિના નામજોગ અપશબ્દો બોલે તેવુ તત્વ જરૂરી છે. આ સંદર્ભે માત્ર એટલી હકીકત કે ભોગબનનાર અનુસૂચિત જાતિની સભ્ય છે અને આરોપી નં. ૧ ને તેની જાતિ અંગે જાણકારી બનાવ પહેલાથી હતી, એટલા માત્રથી કલમ–૩(૧)(આર) નો ગુનો આપોઆપ સ્થાપિત થઈ જતો

નથી. આરોપીના કૃત્ય પાછળ ભોગબનનારને તે અનુસૂચિત જાતિનો સભ્ય હોવાના કારણે જ અપમાનિત કરવાનો વિશિષ્ટ આશય રહેલો હોવો જરૂરી છે. હાલના કેસમાં ભોગબનનારની આંક–૨૪ થી અદાલત સમક્ષ નોંધવામાં આવેલી જુબાની તથા એડી. જયુડિશિયલ મેજિસ્ટ્રેટ, મોરબી સમક્ષ નોંધાયેલ વિશેષ નિવેદનને ધ્યાનપૂર્વક જોવામાં આવે તો આરોપી નં. ૧ દ્વારા ભોગબનનારને "ઢેઢડી" તથા "હરીજન" જેવા શબ્દોથી સંબોધવામાં આવેલ હોવાની હકીકત સામે આવેલ છે. આમ, આ શબ્દો માત્ર સામાન્ય ગાળ કે અપમાનજનક શબ્દો નથી પરંતુ ભોગબનનારની જાતિ ઓળખ સાથે સીધો સંબંધ ધરાવતા શબ્દો છે. આથી આરોપી નં. ૧ ના કૃત્યમાં જાતિ આધારિત અપમાનનો તત્વ હોવાની સંભાવના અને તેની પુરાવાકીય અસરને સંપૂર્ણપણે અવગણી શકાય તેમ નથી. પરંતુ ફોજદારી કાયદાનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે આરોપના દરેક આવશ્યક તત્વની સાબિતી ફરિયાદપક્ષે શંકાથી પર કરવી આવશ્યક છે. કલમ–૩(૧)(આર)(એસ) માં "જાહેરમાં " શબ્દસમૂહનો સમાવેશ કરવામાં આવેલ હોવાથી માત્ર અપમાનજનક અથવા જાતિ સૂચક શબ્દો બોલવામાં આવ્યા હતા એટલું પૂરતું નથી. તે શબ્દો જાહેર દૃષ્ટિમાં, એટલે કે અન્ય વ્યક્તિઓ જોઈ કે સાંભળી શકે તેવી પરિસ્થિતિમાં ઉચ્ચારવામાં આવ્યા હતા, તે હકીકત પણ ફરિયાદપક્ષે વિશ્વસનીય અને સ્પષ્ટ પુરાવાથી સ્થાપિત કરવી જરૂરી છે. હાલના રેકર્ડનું અવલોકન કરતાં એવું સ્પષ્ટપણે જણાઇ આવતું નથી કે આરોપી નં. ૧ દ્વારા "ઢેઢડી" અથવા "હરીજન" જેવા શબ્દો જાહેર સ્થળે અન્ય સ્વતંત્ર સાક્ષીઓની હાજરીમાં ઉચ્ચારવામાં આવ્યા હતા. માત્ર ભોગબનનારની જુબાનીમાં આવા શબ્દોનો ઉલ્લેખ થયેલો હોવો એ બાબત, પોતે જ કલમ–૩(૧)(આર)(એસ) ના "જાહેર"ના આવશ્યક તત્વને પૂર્ણ કરતી નથી. આથી, હાલના કેસમાં ફરિયાદપક્ષના પુરાવામાંથી આરોપી નં. ૧ દ્વારા જાતિ સૂચક શબ્દોનો ઉપયોગ કર્યાનું માનવા માટે આધાર મળી શકે છે, પરંતુ કાયદાકીય રીતે અત્યંત મહત્વપૂર્ણ તત્વ એટલે કે "જાહેરમાં" જે તત્વ શંકાથી પર સાબિત

થયેલ નથી.

બીજી તરફ, આરોપી નં. ૧ વિરુદ્ધ કલમ ૩(૧)(ડબલ્યુ)(i) હેઠળનો આરોપ લગાડવામાં આવેલ છે. આ જોગવાઈનો હેતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિની સ્ત્રી વિરુદ્ધ જાતીય સ્વરૂપના કૃત્યો દ્વારા કરવામાં આવતા અત્યાચારને દંડનીય બનાવવાનો છે. હાલના કેસમાં ભોગબનનાર તથા ભોગબનનારના માતાના પુરાવા તથા રેકર્ડ પરના અન્ય પુરાવાઓ પરથી આરોપી નં. ૧ ને ભોગબનનાર અનુસૂચિત જાતિની બાળકી હોવાનું પહેલેથી જ જાણ હતી. તેમ છતાં, આરોપી નં. ૧ દ્વારા ભોગબનનાર સાથે તેની ઈચ્છા વિરુદ્ધ વારંવાર શરીરસંબંધ બાંધવામાં આવેલ હોવાની હકીકત પણ પુરાવામાંથી પ્રતિપાદિત થાય છે. આથી, સમગ્ર પુરાવાનું સંયુક્ત મૂલ્યાંકન કરતાં ફરિયાદપક્ષ કલમ-૩(૧)(ડબલ્યુ)(i) હેઠળના આરોપી નં. ૧ વિરુધ્ધ લગાડેલ આરોપને શંકાથી પર સાબિત કરવામાં સફળ રહેલ છે.

આમ, માત્ર "ઢેઢડી" અને "હરીજન" જેવા જાતિસૂચક શબ્દોના ઉપયોગના પુરાવાના આધારે આરોપી નં. ૧ ને કલમ-૩(૧)(આર) તથા ૩(૧)(એસ) હેઠળ દોષિત ઠેરવવું કાયદેસર રીતે યોગ્ય જણાતું નથી, કારણ કે કાયદા દ્વારા ફરજિયાત બનાવવામાં આવેલ "જાહેરમાં" નું તત્વ ફરિયાદપક્ષના પુરાવાથી શંકાથી પર સાબિત થયેલ નથી. આ બાબતે ફરીયાદપક્ષે સાબીત ન કરેલ બાબતોનો લાભ આરોપી નં. ૧ ને પ્રાપ્ત થાય છે. બીજી તરફ, ભોગબનનાર સાથે તેની ઇચ્છા વિરુદ્ધ કરવામાં આવેલ જાતીય કૃત્ય તથા ભોગબનનારની અનુસૂચિત જાતિ અંગે આરોપી નં. ૧ ને રહેલી જાણકારીના આધારે કલમ-૩(૧)(ડબલ્યુ)(i) ના આવશ્યક તત્વો ફરિયાદપક્ષ દ્વારા સંતોષકારક રીતે સ્થાપિત થયેલા હોવાનું માનવા પૂરતો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ છે. આથી, આરોપી નં. ૧ ને એટ્રોસિટી એક્ટની

કલમ–૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫), ૩(૫–એ) હેઠળ શંકાનો લાભ આપી નિર્દોષ ઠેરવવામાં આવે છે, જ્યારે કલમ–૩(૧)(ડબલ્યુ)(i) હેઠળનો આરોપ સાબિત થયેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

**આરોપી નં. ૨ થી ૫ પૂરતુ મુલ્યાંકન :–**

**૪૩.** હાલના કામે ફરિયાદપક્ષે એવો આક્ષેપ કરવામાં આવેલ છે કે, આરોપી નં. ૨ થી ૫ નાઓએ ભોગબનનારને તેની જાતિના કારણે અપમાનિત કરવા માટે જાતિસૂચક તથા અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરી હડધૂત કરેલ હતો અને એકબીજાને મદદગારી કરેલ હતી. આ આક્ષેપની કાયદાકીય તથા પુરાવાકીય દ્રષ્ટિએ ચકાસણી કરવી જરૂરી બને છે. ફરિયાદપક્ષના અતિ મહત્વના સાહેદ એવા ભોગબનનારનો આંક–૨૪ થી રજુ થયેલ મૌખિક પુરાવો વંચાણે લેતા, આરોપી મંગુભા તથા દોલુભાની પત્ની દ્વારા તેણીને વારંવાર “ઢેઢડી” કહી સંબોધવામાં આવતી હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તે જ રીતે આંક–૨૫ થી રજુ થયેલ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૬૪ હેઠળ નોંધાયેલ નિવેદનમાં પણ વનરાજની માતા તથા તેના ઘરના સભ્યો દ્વારા ભોગબનનારને તેની જાતિના સંદર્ભમાં અપમાનિત કરવામાં આવતી હોવાની તથા તેના હાથનું જમવાનું સ્વીકારવામાં આવતું ન હોવાની હકીકત જણાવવામાં આવેલ છે.

વધુમાં, હાલના કામે ફરિયાદી એટલે કે ભોગબનનારની માતાનો આંક–૨૦ થી રજુ થયેલ મૌખિક પુરાવો ધ્યાનમાં લેતા, તેણીએ એવી હકીકત જણાવી છે કે જ્યારે તે પોતાની દીકરીને લેવા માટે ગઈ હતી ત્યારે આરોપી મંગુભા, દોલુભા, ટીનુભા તથા વનરાજ તેણીને મારવા દોડેલા અને જાતિપ્રત્યે અપમાનિત થાય તેવા શબ્દોનો ઉપયોગ કરેલ હતો. આ સંદર્ભે અપમાનજનક શબ્દો દર્શાવતો દસ્તાવેજ આંક–૨૧ થી રજુ કરવામાં આવેલ છે. જેમાં એવી હકીકત જણાવેલ છે કે, " સાહેબ મને આવા શબ્દો કહયા.

જાતી વિરુધ્ધ શબ્દો બોલ્યા. ઘેદડી વિરોધ બોલ્યો. મારા મીત જગદીશભાઇને પણ બોલ્યો. મારી દીકરીને પણ જાતી પજાપતી કહીને રાખી. " પરંતુ, માત્ર ઉપરોક્ત સાક્ષી પુરાવામાં જાતિસૂચક શબ્દોના ઉપયોગ અંગે આક્ષેપ કરવામાં આવેલ છે તે હકીકતથી જ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ ૩(૧)(આર) તથા ૩(૧)(એસ) ના ગુનાના તમામ આવશ્યક તત્વો સાબિત થઈ જતા નથી. કાયદાની દૃષ્ટિએ એ પણ નિશ્ચિતપણે સાબિત થવું આવશ્યક છે કે એવો અપમાન/જાતિસૂચક ઉચ્ચાર " જાહેરમાં " કરવામાં આવેલ હતો કે કેમ? હાલના કેસમાં ભોગબનનારના આંક–૨૪ ના પુરાવા, આંક–૨૫ ના કલમ ૧૬૪ હેઠળના નિવેદન તથા ફરિયાદીના આંક–૨૦ ના પુરાવાનું ઝીણવટપૂર્વક અવલોકન કરતાં, જાતિસૂચક શબ્દોના ઉપયોગ અંગે આક્ષેપ કરવામાં આવેલ હોવા છતાં, આ શબ્દો કયા ચોક્કસ સ્થળે, કઈ પરિસ્થિતિમાં અને જાહેર નજર સમક્ષ ઉચ્ચારવામાં આવ્યા હતા તે અંગે જરૂરી અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ પર આવતો નથી. માત્ર ફરિયાદી તથા ભોગબનનારના પરસ્પર સંબંધિત પુરાવાના આધારે “જાહેર નજરમાં” બનાવ બનેલ હોવાનું માની લેવું, જ્યારે રેકર્ડ પર તે બાબતને સમર્થન આપતો કોઈ સ્વતંત્ર સાક્ષી અથવા અન્ય વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ ન હોય, ત્યારે ફોજદારી કાયદાના પુરાવાના ધોરણને અનુરૂપ ગણાવી શકાય નહીં. અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે કલમ ૩(૧)(આર) હેઠળ માત્ર અપમાનજનક વર્તન પૂરતું નથી; જાતિના કારણે અપમાનિત કરવાનો વિશિષ્ટ ઈરાદો પણ પુરવાર થવો આવશ્યક છે. આરોપીઓ વિરુધ્ધ અપમાનનું કૃત્ય વ્યક્તિની જાતિની ઓળખ સાથે સંબંધિત હોવું અને કાયદામાં નિર્ધારિત અન્ય આવશ્યક તત્વો પણ સાબિત થવા જોઈએ. આથી, સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં એવું જણાય છે કે ફરિયાદપક્ષે જાતિસૂચક શબ્દોના ઉપયોગ અંગે આક્ષેપ કર્યો છે, પરંતુ તે શબ્દો જાહેર જગ્યામાં ઉચ્ચારવામાં આવ્યા હતા તે બાબત નિશંકપણે તથા વિશ્વસનીય પુરાવાથી સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ

ગયેલ છે. પરિણામે, કલમ ૩(૧)(આર) તથા ૩(૧)(એસ) ના ગુનાના અનિવાર્ય તત્વો પૈકીનો મૂળભૂત તત્વ "જાહેરમાં" જ સાબિત થતો નથી.

અત્રે વધુમાં સ્પષ્ટ કરવું યોગ્ય છે કે કલમ ૩(૨)(૫) તથા ૩(૨)(૫–એ) અંગે માત્ર “જાહેરમાં”નો અભાવ દર્શાવવો પૂરતો નથી, કારણ કે તે કલમોની રચના તથા આવશ્યક તત્વો કલમ ૩(૧)(આર) અને ૩(૧)(એસ) થી અલગ છે. તેથી આ કલમો લાગુ કરવામાં આવી હોય તો સંબંધિત મૂળભૂત ગુનો, આરોપીઓની જાણકારી/જાતિ સંબંધિત આવશ્યક તત્વો તથા જે મૂળ કાયદાની કલમનો આધાર લેવામાં આવ્યો છે તેના તમામ તત્વો ફરિયાદપક્ષે અલગથી સાબિત કર્યા છે કે કેમ તે પણ પુરાવાના આધારે તપાસવું આવશ્યક રહેશે. અંતે, ફરિયાદપક્ષના સમગ્ર પુરાવામાં રહેલી ઉપરોક્ત ખામીઓ, ઘટનાસ્થળ અંગેની અનિશ્ચિતતા, જાહેર નજરમાં બનાવ બન્યો હોવાનો અભાવ તથા સ્વતંત્ર સાક્ષીના અભાવને ધ્યાને લેતાં, આરોપી નં. ૨ થી ૫ વિરુદ્ધ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૧)(આર) તથા ૩(૧)(એસ) ના આવશ્યક અને અનિવાર્ય તત્વો ફરિયાદપક્ષ દ્વારા શંકાથી પર અને વિશ્વસનીય પુરાવાથી સાબિત થયેલ નથી. તેથી માત્ર આક્ષેપ અથવા સંબંધિત સાક્ષીઓના સામાન્ય નિવેદનના આધારે આરોપીઓને આ કલમો હેઠળ દોષિત ઠેરવવું કાયદેસર રીતે યોગ્ય ગણાય નહીં. પરિણામે, આરોપી નં. ૨ થી ૫ નાઓ વિરુધ્ધ એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર) તથા ૩(૧)(એસ), ૩(૨)(૫), ૩(૨)(૫–એ), ૩(૧)(ડબલ્યુ)(i) હેઠળના આરોપો સાબિત થયેલ ન હોવાનું ઠરાવી જેથી ઉપરોકત કરેલ ચર્ચાને અંતે **<u>મુદા નં. ૩ નો નિર્ણય "અંશત: હકારાત્મક"</u>** આપુ છુ.

**<u>મુદા નં. ૪ :–</u>**

૪૪. ઉપરોકત મુદા નં. ૧ થી ૩ માં વિસ્તૃત ચર્ચા કરી તે મુજબ મુદા નં. ૧

નો નિર્ણય "હકારાત્મક" અને મુદા નં. ૨ અને ૩ નો નિર્ણય "અંશત: હકારાત્મક" આપેલ હોઈ ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષમાં રાખતા સદરહુ મુદા નં. ૪ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) સદર કામમાં **આરોપી નં. (૧) વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ-૫(એલ), ૬ તથા એટ્રોસિટી એક્ટની કલમ- ૩(૧)(ડબલ્યુ)(i) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫), ૩(૫-એ) હેઠળ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવવામાં આવે છે.

(૨) આરોપી નં. ૧ ને દોષિત ઠરાવેલ હોય ઉપરોકત ગુનામાં સજા અંગે સાંભળવા માટે કેસ મુલત્વી રાખવામાં આવે છે.

(૩) સદર કામમાં **આરોપી નં. (૨) વિજુભા ઉર્ફે વિજયભાઈ ચેહુભા ઝાલા, આરોપી નં. (૩) મંગુભા વા/ઓ બચુભા અભેસિંહ ઝાલા, આરોપી નં. (૪) દોલુભા ઉર્ફે દોલુ બચુભા ઝાલા તથા આરોપી નં. (૫) શકિતસિંહ ઉર્ફે ટીનુભા બાબુભા વાઘેલા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટની કલમ-૫(એલ), ૬ તથા એટ્રોસિટી એક્ટની કલમ- ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫), ૩(૫-એ), ૩(૧)(ડબલ્યુ)(i) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ

ઠરાવવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ :–૧૩, માહે :–ઓગસ્ટ, સને :– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ:– મોરબી.

// A.H.P //

**(ભુમિકા કનૈયાલાલ ચંદારાણા)**
**સ્પેશ્યલ જજ (પોક્સો કોર્ટ) અને**
**એડીશ્નલ સેશન્સ જજ, મોરબી**
**(કોડ નં.જીજે૦૦૬૭૧)**

**<u>આરોપી નં. ૧ ના સજાના મુદા અંગેની ચર્ચા</u> :–**

ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી તથા આરોપીપક્ષ તરફે તેમના વિ. વ. શ્રી એસ.બી.મારૂ ને સાંભળ્યા.

**૪૫.** ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી એન.ડી.કારીયા નાઓએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપી નં. ૧ વનરાજ નાઓને નામદાર કોર્ટે કાયદાનું યોગ્ય તે અર્થઘટન કરી કલમમાં ફેરફાર કરી આરોપીને તકસીરવાન ઠરાવેલ છે તે યોગ્ય જણાય છે. હાલમાં આવા પ્રકારના બનાવો અંકુશમાં આવે તે માટે સમાજમાં દાખલો બેસે તે અર્થે આરોપી ને મહતમ સજા કરવી જોઇએ. સાથે સાથે ભોગબનનારના ભવિષ્ય અને અન્ય સામાજીક પરીસ્થીતી ને ધ્યાનમાં રાખીને ભોગબનનારને વળતર પેટેની વધુમાં વધુ રકમ અપાવવા પણ અરજ કરેલ છે.

**૪૬.** આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી એસ.બી.મારૂ નાઓએ દલીલ કરેલ છે કે, હાલના આરોપી ભોગબનનારને ભગાડી લઇ ગયેલ હોય તેવો કોઇ પુરાવો નથી. આરોપી નં. ૧ વનરાજ અને ભોગબનનારને આરોપી સાથે પ્રેમસંબંધ

હોય તેના કારણે હાલનો ઘટના ક્રમ ઉભો કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે આરોપી યુવાન વર્ગના નાની ઉમરના છે. આરોપી કુટુંબ કબીલા વાળા માણસ છે. આરોપી પોતે ઘરમાં કમાનાર એકમાત્ર વ્યકિત છે. અને તેઓ ઉપર કુટુંબની તમામ જવાબદારી રહેલ છે તે સમગ્ર સંજોગોમાં સજા કરતી વખતે નામદાર કોર્ટે માનવીય અભિગમ ધ્યાને લઈ ઓછામાં ઓછી સજાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

**૪૭.** બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લીધી. આ કામના આરોપી નં. ૧ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૫(એલ), ૬ તથા એટ્રોસિટી એક્ટની કલમ– ૩(૧)(ડબલ્યુ)(i) મુજબના શીક્ષાને પાત્ર ગુનાના આવશ્કય તત્વો સાબીત થયેલાનું ઠરાવવામાં આવેલ છે થાય છે. તે પૈકી મહતમ સજાની ભોગવાઈ આઈ.પી.સી.કલમ:–૩૭૬ તથા ધી પોકસો એકટ–૨૦૧૨ ની કલમ:–૬ માં છે. આરોપી નં. ૧ ને કાયદા મુજબ તેના એક જ કૃત્ય માટે બે અલગ અલગ કાયદા હેઠળ અલગ અલગ સજા કરી શકાય નહી. ધી પોકસો એકટ–૨૦૧૨ એ સ્પેશીયલ એકટ છે અને તે કાયદાની કલમ:–૪૨ મુજબ બે અલગ અલગ કાયદા હેઠળ સજાને પાત્ર ગુજો સાબીત થયેથી જે કાયદામાં મહતમ સજાની જોગવાઈ હોય તે કાયદા હેઠળ સજા કરવાની જોગવાઈ છે. જે મુજબ હાલના આરોપી વિરૂધ્ધ લાગુ કરવામાં આવેલ ભારતીય દંડ સહીંતાની કલમો તથા એટ્રોસીટી એકટની કલમો તથા પોકસો એકટની કલમો અંગે વખતો વખતના એમેન્ડમેન્ટ મુજબની સજાની જોગવાઈ ધ્યાને લેતાં તથા ઉપરોકત વિગતે આરોપી તરફેની રજુઆત તથા શ્રી સરકાર તરફેની સજા અંગેની રજુઆતો લક્ષમાં લેતાં બનાવ સમયે આરોપી ભોગબનનાર અઢાર વર્ષની નાની ઉમરની તથા અનુસૂચીત જાતિના હોવાનું પોતે સારી રીતે જાણવા છતાં ભોગબનનાર ઉપર ઉપરોકત વિગતે બળાત્કાર અને પ્રવેશ જાતીય હુમલાનો હીનીયસ ક્રાઈમની કેટેગરીમાં આવતો ગુન્હો ઉપરોકત વિસ્તૃત ચર્ચા કરી તે પ્રમાણે આચરેલ છે તે હકીકત લક્ષમાં લેતાં

લાગુ કલમો જોતાં ૨૦ વર્ષથી ઓછી નહી અને અને આજીવન કેદ એટલેકે તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધી લંબાવી શકાય તેવી સજાને પાત્ર ગુનો બનતો હોય જેથી કેસના સંજોગો, ભોગબનનારની ઉમર અને સજા અંગેની જોગવાઇ ધ્યાને લેતાં આરોપી નં. ૧ ને લાગુ કરવામાં આવેલ કલમો પૈકી મહતમ સજા નહી કરતાં આખરી હુકમમાં જણાવ્યા મુજબની સજા કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે.

૪૮. ધી પોકસો એકટ–૨૦૧૨ ની કલમ:–૪૨ ને ધ્યાને લેતાં, ભારતીય દંડ સહીંતા તથા પોકસો એકટ અન્વયે એમ બન્ને કાયદા અન્વયે ગુનો બનતો હોય તે સંજોગોમાં જે કાયદામાં મહતમ સજા ઠરાવેલ હોય તે અન્વયે સજા કરવા પાત્ર બને છે. વળી, બન્ને ગુન્હા અંગે સજા કરવામાં આવે તો, તે પોકસો એકટની કલમ:–૪૨ ના હેતુ થી વિપરીત બને તેમ છે. હાલના આરોપી નં. ૧ વિરૂધ્ધ પુરવાર થયેલ આક્ષેપ તે પોકસો એકટની કલમ:–૨(ડી) અન્વયે વ્યાખ્યાયિત કરેલ બાળક વિરૂધ્ધનો ગુન્હો છે તે સંજોગોમાં તે પ્રકારના ગુના અંગે જયારે અલગથી કાયદો ઘડવામાં આવેલ છે ત્યારે તેવા કાયદા અન્વયે સજા કરવામાં આવે તો તે વધુ ન્યાયોચિત જણાય છે.

<u>ભોગબનનારને વળતરના મુદા અંગે ચર્ચા :–</u>

૪૯. ઉપરોકત સમગ્ર હકીકતો અને ચર્ચાને ધ્યાને લેતાં સગીર વયની ભોગ બનનાર બાળા સાથે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૫(એલ), ૬ બન્ને એક જ પ્રકારના ગુના છે તેથી પોકસો એકટની કલમ:–૪૨ ધ્યાને લેતાં, પોકસો એકટની કલમ:– ૫(એલ), ૬ મુજબના સજાપાત્ર ગુના આચરેલ હોવાનું પુરવાર થયેલ છે ત્યારે ભોગ બનનારને ક્રિમીનીલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(એ) સાથે વાંચતા ગુજરાત વિકટીમ કમ્પેનસેશન સ્કીમ અન્વયે વળતર ચુકવવા માટે પુરતાં અને વ્યાજબી કારણો જણાઈ આવે છે. ભોગ બનનારના કેસની હકીકતો લક્ષમાં રાખતાં સદરહુ વિકટીમ કમ્પેનસેશન

સ્કીમમાં જણાવ્યા મુજબના શેડયુલ (કલોઝ–૨(પી)) માં જણાવેલ કોલમ–૩ માં હાલનો કેસ સમાવિષ્ટ થતો હોવાનું જણાય છે. સજાની જોગવાઈ તથા સાથે સાથે સી.આર.પી.સી. કલમ–૩૫૭(એ) સાથે વાંચતા ધી પોકસો રૂલ–૨૦૨૦ તથા ધી ગુજરાત વિકટીમ કમ્પેનસેશન સ્કીમ, ૨૦૧૯ ના રૂલ–૯ મુજબ આખરી વળતર ચુકવતી વખતે કયાં કયાં પરીબળો ધ્યાને લેવાં જોઈએ તેની જોગવાઈ કરવામાં આવેલી છે. રૂલ–૯ માં વળતર મંજૂરી માટેની કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવેલ છે. હાલના કેસમાં સગીર વયની ભોગ બનનાર સાથે ઉપર જણાવ્યા મુજબના ગુના આરોપી દ્વારા આચરવામાં આવેલ હોવાનું પુરવાર થયેલ છે. તે હકીકતમાં ધી ગુજરાત વીકટીમ કમ્પેનસેશન સ્કીમ, ૨૦૧૯ નાં શેડયુલના અનુક્રમ ૩ મુજબ, માનસિક યાતના કે જેને કારણે ભોગ બનનારનું પુન:સ્થાપન જરૂરી હોય તે હેડ હેઠળ વળતરની રકમની જોગવાઈ કરવામાં આવેલી છે. આ ઉપરાંત ભોગ બનનારની ઉમર ધ્યાને લેતાં વળતર નકકી કરવાનું હોય તેવા સમયે ભોગ બનનારને થયેલ માનસિક–શારીરિક આઘાત તથા આખરી વળતર ચુકવતી વખતે ધ્યાને લેવામાં આવતાં પરીબળો ધ્યાને લેતાં તથા આ કેસની હકીકતો અને સંજોગો જોતા યોગ્ય માત્રામાં આપવા પાત્ર થતું વળતર ચુકવી આપવું યોગ્ય જણાય છે. જેથી ભોગ બનનાર ને આખરી વળતર પેટે રૂ. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ચુકવવાનો હુકમ ફરમાવવો ન્યાયોચિત જણાય છે. જેથી ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં મુદા નં. ૪ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**(૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) અન્વયે **આરોપી નં. (૧) વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૬૩૭/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)

(જે)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૫(એલ), ૬ તથા એટ્રોસિટી એક્ટની કલમ– ૩(૧)(ડબલ્યુ)(i) મુજબના શિક્ષાપાત્ર ગુના સબંધે કસુરવાર ઠરાવવામાં આવે છે.

**(૨)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે **આરોપી નં. (૧) વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૬૩૭/૨૦૨૪, એટ્રોસિટી એક્ટની કલમ– ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫), ૩(૫–એ) હેઠળ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવવામાં આવે છે.

**(૩) આરોપી નં. (૧) વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા** નાઓને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૬૩૭/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૫(એલ), ૬ તથા મુજબના ગુન્હા સબબ કસુરવાર ઠરાવી તે અંગે પોકસો એકટની કલમ:–૪૨ તથા ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતાં, કલમ:–૫(એલ) નો ગુનો કલમ:–૬ માં સમાવેશ થઈ જતો હોય તથા પોકસો એકટની કલમ:–૪૨ મુજબ ભારતીય દંડ સહીતાં તથા પોકસો એકટ પૈકી જેમાં મહતમ સજા હોય તે કલમ હેઠળ આરોપીને સજા કરવા પાત્ર બનતી હોય પોકસો એકટની કલમ:–૫(એલ) ના ગુના માટે કલમ:–૬ અન્વયે **૨૦(દસ) વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૨૫,૦૦૦/–(અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા)** નો દંડનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં ન આવે તો, વધુ ૦૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) અન્વયે **આરોપી નં. (૧) વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર

કોડની કલમ–૨૩૫(૨) અન્વયે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૬૩૭/૨૦૨૪, એટ્રોસિટી એક્ટની કલમ– ૩(૧)(ડબલ્યુ)(i) ના ગુના માટે કલમઃ–૬ અન્વયે **૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૫)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે **આરોપી નં. (૨) વિજુભા ઉર્ફે વિજયભાઈ ચેહુભા ઝાલા, આરોપી નં. (૩) મંગુભા વા/ઓ બચુભા અભેસિંહ ઝાલા, આરોપી નં. (૪) દોલુભા ઉર્ફે દોલુ બચુભા ઝાલા તથા આરોપી નં. (૫) શકિતસિંહ ઉર્ફે ટીનુભા બાબુભા વાઘેલા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૦૬૩૭/૨૦૨૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(જે)(એન), ૩૭૬(૩), ૧૧૪ તથા પોકસો એકટની કલમ–૫(એલ), ૬ તથા એટ્રોસિટી એક્ટની કલમ– ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫), ૩(૫–એ), ૩(૧)(ડબલ્યુ)(i) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવવામાં આવે છે.

**(૬)** આ કામના આરોપી નં. ૨ થી ૫ નાઓએ રજુ કરેલ જામીન તથા જામીનખત આથી રદ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**(૭)** આ કામના આરોપી નં. ૨ થી ૫ નાઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે, તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના રૂ. ૧૦,૦૦૦/– (અંકે દશ હજાર રૂપિયા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

**(૮)** ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ ની જોગવાઈ મુજબ, આરોપી નં. ૧ જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહયા હોય,

તેટલો સમય તેમને સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૯) ઉપરોકત દંડની રકમમાંથી ભોગબનનારને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:–૩૫૭ (૧) અનુસાર ૫૦ % રકમ એટલે કે, રૂા. ૧૨,૫૦૦/– (અંકે રૂપીયા બાર હજાર પાંચસો પુરા) વળતર તરીકે ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે. વધુમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:– ૩૫૭ (A) ની જોગવાઇ અનુસાર આ કામના ભોગબનનારને રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) વળતર પેટે ની રકમ અપીલ સમય બાદ ચુકવી આપવા જિલ્લા કાનુની સેવા સતા મંડળ, જિલ્લા ન્યાયાલય, મોરબીને આથી હુકમ કરવામાં આવે છે.

**(૧૦) આરોપી નં. (૧) વનરાજસિંહ ઉર્ફે નનુભા બચુભા ઝાલાનાએ** ઉપરોકત સજા **એક સાથે (સંયુકત)** ભોગવવાની રહેશે.

**(૧૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૫૨ ની જોગવાઇ અનુસાર આ કામે રજુ થયેલ મુદ્દામાલ પાવતી નં. ૨૯/૨૦૨૪ તથા ૩૮/૨૦૨૪ મુજબનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આ કામે મુદામાલ વાહન હોન્ડા ડ્રીમ યુગા મો.સા. નં. જી.જે. ૧૩ એ.એફ. ૫૯૧૩ અંગે અગાઉ જો કોઈ હુકમ થયેલ હોય તો તે બીનશરતી કાયમ રાખવો અને જો ન થયેલ હોય તો સદર મુદામાલ વાહન અંગે ટ્રાયલ કોર્ટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૫૮ ની જોગવાઇ ધ્યાને લઇ અપીલ સમય બાદ ન્યાયીક કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧૨)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૫ તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરીપત્ર નં. ૯૦૧/૧૯૯૦, તા. ૨૨–૧૦–૧૯૯૦ આરોપી વિરૂધ્ધના તહોમતનામા તથા હુકમની નકલ જિલ્લા મેજિસ્ટ્રેટ, મોરબી નાઓને મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

અધિક સેશન્સ જજ, મોરબી

**(૧૩)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૫ અનુસાર તથા નામદાર ઉચ્ચ ન્યાયાલયના પરીપત્ર નં. સી. ૨૬૨૩/૨૦૦૫, તા. ૦૨–૦૯–૨૦૦૫ મુજબ આરોપી વિરૂધ્ધના તહોમતનામા તથા હુકમની નકલ સંબંધિત પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રીને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૧૪)** આરોપી નં. ૧ ને આ ચુકાદાની એક નકલ વિનામુલ્યે આપવાની રહેશે.

હુકમ આજરોજ તારીખ:–૧૩ મી, માહે:–ઓગસ્ટ, સને:–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:– મોરબી.

**(ભુમિકા કનૈયાલાલ ચંદારાણા)**
**સ્પેશીયલ જજ (પોકસો કોર્ટ) અને**
**એડીશ્નલ સેશન્સ જજ, મોરબી**
**(કોડ નં.જીજે૦૦૬૭૧)**

**// A.H.P //**